

RNI No. GUJGUJ /2008/26148

GARVI GUJARAT

# ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

અમદાવાદથી પ્રસિદ્ધ થતું દૈનિક

Volume : 18
Issue : 088
Dt.: 08-12-2025,
Monday
Page : 04
Rs.00.50 paisa

EDITOR : AJAYKUMAR RAMANLAL PRAJAPATI (AJAY PATNI) Regd. Office: TF-01, Nanakram Super Market,Ramnagar,Sabarmati, Ahmedabad-380 005. Gujarat, India.

Phone : 90163 33307 (M) 93283 33307, 98253 33307 • Email : garvigujarat2007@gmail.com • Email : garvigujarat2007@yahoo.com • Website : www.garvigujarat.co.in


૧૧ લોકોની હત્યાનો આરોપ લાગ્યો

# ટ્રમ્પ અને તેમના સંરક્ષણ મંત્રી મોટી મુશ્કેલીમાં ફસાયા

## વેનેઝુએલાથી ડ્રગ્સને અમેરિકા આવવાની સામે અભિયાન ચલાવી રહેલા ડોનાલ્ડ ટ્રમ્પને મોટો આંચકો લાગ્યો છે

(સંપૂર્ણ સમાચાર સેવા)વોશિંગ્ટન

વેનેઝુએલાથી ડ્રગ્સને અમેરિકા આવવાની સામે અભિયાન ચલાવી રહેલા ડોનાલ્ડ ટ્રમ્પને મોટો આંચકો લાગ્યો છે.

આ મામલો ૨ સપ્ટેમ્બરે એક બોટ પર અમેરિકન હુમલાની સાથે શરૂ થયો હતો. અમેરિકન સરકારના જણાવ્યા અનુસાર, આ બોટમાં ડ્રગ્સ હતું અને તેને અમેરિકામાં લાવવામાં આવી રહી હતી. પરંતુ, હવે આ મામલે નવા અહેવાલ સામે આવ્યા છે, જે અનુસાર જે બોટ પર હુમલો કરી ડોનાલ્ડ ટ્રમ્પે સોશિયલ મીડિયા પર પોસ્ટ કરી હતી તે અમેરિકા જઈ જ નહોતી રહી.

અમેરિકન ન્યૂઝ મીડિયાના અહેવાલ અનુસાર, આ ઓપરેશનની કમાન સંભાળનારા એડમિરલે સેનેટર્સને જણાવ્યું કે, આ બોટ દક્ષિણ અમેરિકન દેશ સુરીનામ તરફ જતા મોટા જહાજ તરફ જઈ રહી હતી. નોંધપાત્ર વાત એ છે કે, અમેરિકન નૌકાદળના હુમલામાં તેમાં સવાર ૧૧ લોકો માર્યા ગયા હતા.

ડોનાલ્ડ ટ્રમ્પે આ હુમલાનો એક વીડિયો શેર કરતા લખ્યું હતું કે, "આ હુમલો ત્યારે કરવામાં આવ્યો જ્યારે વેનેઝુએલાથી આ ઓળખાયેલા નાર્કો-આતંકવાદીઓ આંતરરાષ્ટ્રીય જળસીમા પાર કરીને અમેરિકા તરફ ડ્રગ્સ (એક ઝેર જે અમેરિકનોને મારી નાખે છે!) લાવી રહ્યા હતા. આ હિંસક ડ્રગ-તસ્કરી કરનારા કાર્ટેલ અમેરિકન રાષ્ટ્રીય સુરક્ષા, વિદેશ નીતિ અને મહત્ત્વપૂર્ણ અમેરિકન હિતો માટે જોખમ છે. આ હુમલામાં ત્રણ પુરુષ આતંકવાદીઓ માર્યા ગયા."

અહેવાલો અનુસાર, એડમિરલે જણાવ્યું કે, બોટ બીજા જહાજ તરફ જઈ રહી હતી. પરંતુ, નૌકાદળ તેની ઓળખ કરી શકી નહીં. જોકે, એ વાતની સંભાવના છે કે, બોટ સૂરીનામથી અમેરિકા તરફ જઈ શકતી હતી. પરંતુ, સામાન્ય રીતે સૂરીનામથી જતા ડ્રગ્સના રસ્તા યુરોપ તરફ જાય છે.

આ અહેવાલ બાદ યુએસ સેક્રેટરી ઑફ વૉર (સંરક્ષણ મંત્રી) પીટ હેગસેથની ભૂમિકા હવે તપાસ હેઠળ આવી ગઈ છે. કારણ કે, તેમણે આ બોટને ઉડાડી દેવાનો આદેશ આપ્યો હતો.

અહેવાલ અનુસાર, એડમિરલે સાંસદોને જણાવ્યું કે, તેમની સમજ અનુસાર મિશનનું લક્ષ્ય તમામ ૧૧ લોકોને મારી નાંખવા અને બોટને ડૂબાડી દેવાનો હતો. જેના કારણે હવે હેગસેથ પર આખો વીડિયો ફૂટેજ જાહેર કરવા માટે પણ દબાણ કરવામાં આવી રહ્યું છે.

નોંધનીય છે કે, હેગસેથ હાલ સિગ્નલ ચેટના માધ્યમથી અમેરિકન સૈનિકોના લોકેશનને હૂથી ઉગ્રવાદીઓ સામે સાર્વજનિક કરવાના આરોપનો પણ સામનો કરી રહ્યા છે. એવામાં આ મામલે ખુલાસો થવાથી તેમની મુશ્કેલીઓમાં વધારો થયો છે.

ફાઈનલ ચર્ચા માટે ૩ દિવસની મહત્ત્વપૂર્ણ બેઠક

# ભારત-અમેરિકા વચ્ચે હવે ટ્રેડ ડીલ પર લાગશે મહોર?

**આગામી સપ્તાહે અમેરિકન અધિકારીઓની એક ટીમ દ્વિપક્ષીય વેપાર સમજૂતીના ઉદ્દેશ્યથી ભારતની લેશે**

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

ભારત અને અમેરિકા વચ્ચે લાંબા સમયથી અટકેલી ટ્રેડ ડીલ પર હવે જલ્દી વાતચીત સફળ થવાની આશા વધી છે.

છેલ્લા કેટલાક સમયથી બંને દેશો તરફથી મળેલા સકારાત્મક સંકેતો બાદ હવે એક મહત્ત્વપૂર્ણ ઘટનાક્રમ સામે આવ્યો છે. આગામી સપ્તાહે અમેરિકન અધિકારીઓની એક ટીમ દ્વિપક્ષીય વેપાર સમજૂતીના પ્રથમ તબક્કાને અંતિમ સ્વરૂપ આપવાના ઉદ્દેશ્યથી ભારતની મુલાકાત લેવાની છે. આ મુલાકાત દરમિયાન બંને દેશો વચ્ચે વેપાર કરારને લઈને બાકી રહેલા તમામ મુદ્દાઓ પર વાતચીત થવાની અને અંતિમ નિર્ણય લેવાઈ શકે તેવી પ્રબળ સંભાવના છે. રિપોર્ટ્સ અનુસાર, ભારત-અમેરિકા ટ્રેડ ડીલને અંતિમ સ્વરૂપ આપવા માટે આગામી તબક્કાની વાતચીત માટે આવી રહેલી અમેરિકન ટીમનું નેતૃત્વ ડેપ્યુટી યુનાઈટેડ સ્ટેટ્સ ટ્રેડ રિપ્રેઝન્ટેટિવ(USTR) રિક સ્વિટ્ઝર કરશે. આ ત્રણ દિવસીય બેઠક ૧૦ ડિસેમ્બરના રોજ શરૂ થશે અને ૧૨ ડિસેમ્બરના રોજ સમાપ્ત થશે. તેમજ આ બેઠકમાં ટ્રેડ ડીલને લગતા અટકેલા મુદ્દાઓ ઉપરાંત, ભારત પર લાગુ કરાયેલા અમેરિકન ટેરિફમાં સંભવિત ઘટાડા પર પણ ચર્ચા થવાની અપેક્ષા છે.

નોંધનીય છે કે, અમેરિકન પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ દ્વારા ઑગસ્ટ મહિનામાં રશિયન ક્રૂડ ઓઈલની ખરીદીના મામલે ભારત પર લાગુ કરાયેલા ૨૫% રેસીપ્રોકલ ટેરિફને બમણો કરીને ૫૦% કરી દેવાયો હતો. ત્યારથી આ ટ્રેડ ડીલની વાતચીત અટકી પડી હતી. જોકે, સપ્ટેમ્બર મહિનામાં અમેરિકન અધિકારીઓએ ભારતની મુલાકાત લીધી હતી અને ત્યારથી વાત ફરી ટ્રેક પર આવી છે. ૫૦% ટેરિફ લાગુ થયા પછી અમેરિકન અધિકારીઓનો આ બીજો ભારત પ્રવાસ છે. ટ્રેડ ડીલને લઈને છેલ્લા કેટલાક મહિનામાં ભારત અને અમેરિકા બંને તરફથી હકારાત્મક સંકેતો મળ્યા છે. જેમાં ડોનાલ્ડ ટ્રમ્પે તાજેતરમાં નિવેદન આપ્યું હતું કે, જલ્દી જ અમે એક સારી ડીલ લોક કરી રહ્યા છીએ.

સપ્ટેમ્બરમાં વાણિજ્ય અને ઉદ્યોગ મંત્રી પીયૂષ ગોયલે પણ ટ્રેડ ડીલ આગળ વધવાની વાત કરી હતી. આ ઉપરાંત વાણિજ્ય સચિવ રાજેશ અગ્રવાલે પણ કહ્યું હતું કે, ભારત આ વર્ષે અમેરિકા સાથે વેપાર સમજૂતી પર પહોંચવાની આશા રાખે છે, જેનાથી ભારતીય નિકાસકારોને લાભ થશે.

છેલ્લા છ રાઉન્ડની વાતચીત પછી પણ અંતિમ નિર્ણય આવ્યો નથી. જોકે, બ્રોકરેજ ફર્મ પણ ભારતીય નિકાસો પર લાગુ ૫૦% ટેરિફમાં ઘટાડાનો અંદાજ લગાવી રહ્યા છે. જેમાં નોમુરા (Nomura)એ જણાવ્યું હતું કે, આ ડીલ જલ્દી સાઈન કરવામાં આવશે અને ભારત પર ટેરિફ ૨૦ ટકાની આસપાસ નક્કી કરવામાં આવશે. આ ડીલ આ વર્ષના અંત સુધીમાં પૂર્ણ થવાની આશા છે.

એજન્ટ દ્વારા ૫૨ લાખ રૂપિયાની લાલચ અપાઈ

# રશિયા ભણવા ગયેલો અનુજ યુક્રેન સામે યુદ્ધમાં ઉતર્યા બાદથી ગુમ

## એજન્ટ દ્વારા અનુજને ૧૦ દિવસની ટ્રેનિંગ આપ્યા બાદ સીધું યુક્રેન સામે યુદ્ધ કરવા માટે મેદાનમાં મોકલી દેવાયો

(સંપૂર્ણ સમાચાર સેવા)ચંદીગઢ

હરિયાણાથી એક ચોંકાવનારા સમાચાર સામે આવ્યા છે. જ્યાં ૨૧ વર્ષીય અનુજ નામનો યુવક સ્ટડી વીઝા પર રશિયા ગયો હતો, તેને આશા હતી કે ત્યાં જઈને તેને કામ મળી જશે અને તે પોતાના પરિવારની આર્થિક સ્થિતિ સુધારી દેશે. અનુજ રશિયા પહોંચ્યો અને તેને કામ પણ મળ્યું. પરંતુ, ત્યાંના એક એજન્ટ દ્વારા તેને ૫૨ લાખ રૂપિયાની લાલચ આપી પોતાની જાળમાં ફસાવી દીધો. એજન્ટ દ્વારા અનુજને ૧૦ દિવસની ટ્રેનિંગ આપ્યા બાદ સીધું યુક્રેન સામે યુદ્ધ કરવા માટે મેદાનમાં મોકલી દેવાયો. પરિવારના લોકોએ જણાવ્યું કે, ૧૩ ઓક્ટોબર પછી તેની કોઈ ખબર નથી. હવે પરિવાર અનુજને પરત લાવવા માટે મદદ માંગી રહ્યો છે. મળતી માહિતી મુજબ, અનુજ ઘરની આર્થિક સ્થિતિ સુધારવા માટે ૬ લાખ રૂપિયા આપીને રશિયા પહોંચ્યો હતો. ત્યાં તેને એક જીમમાં નોકરી મળી ગઈ હતી. જોકે, થોડા દિવસો બાદ એક એજન્ટે તેની સાથે અમુક અન્ય યુવકોને ફોસલાવીને રશિયાની આર્મીમાં સામેલ થવા કહ્યું. જેમાંથી ઘણાં આર્મીમાં સામેલ થયા અને અમુકે આ વાતનો ઈનકાર કરી દીધો. યુવકોના ઈનકાર બાદ એજન્ટોએ ફરી પ્રયાસ કર્યો અને આ વખતે ૫૨ લાખ રૂપિયાની લાલચ આપી. સાથે જ કહ્યું કે, આ રકમ ધીમે-ધીમે કરીને તમારા બેંક એકાઉન્ટમાં આવશે. બાદમાં અનુજ તેમની વાતોમાં આવી ગયો અને રશિયાની આર્મીમાં સામેલ થઈ ગયો. તેને ૧૦ દિવસની ટ્રેનિંગ આપવામાં આવી હતી અને બાદમાં યુદ્ધ મેદાને મોકલી દેવાયો હતો.

પરિવારના લોકોએ જણાવ્યું કે, ૧૩ ઓક્ટોબરે છેલ્લીવાર ઘરે અનુજની વાત થઈ હતી અને તેણે જણાવ્યું હતું કે, અમને રેડ ઝોન એટલે કે ફ્રન્ટ લાઈનમાં મોકલવામાં આવી રહ્યા છે. ત્યાર પછી તેની સાથે કોઈ વાત નથી થઈ. અનેક યુવકો ભારત પરત આવી ગયા છે, જે પહેલાં ત્યાં ફસાયેલા હતા પરંતુ અનેક યુવકો હજુ ત્યાં ફસાયેલા છે, જેમાં અનુજ પણ છે અને તે છેલ્લાં દોઢ મહિનાથી ગુમ છે.

અંગ્રેજો જતા રહ્યા પણ.., કર્ણાટક હાઈકોર્ટ ભડકી

# ભારતનો સમાજ સૌથી વધુ જાતિવાદી અને રંગભેદી

(સંપૂર્ણ સમાચાર સેવા)બેંગલુરુ

કર્ણાટક હાઈકોર્ટે તાજેતરમાં એક સુનાવણી દરમિયાન ભારતીય સમાજ અંગે ખૂબ જ આકરી અને મહત્ત્વપૂર્ણ ટિપ્પણી કરી છે. કોર્ટે કહ્યું કે, ભારતીય સમાજ દુનિયાના સૌથી વધુ જાતિવાદી(racist) અને રંગભેદ કરનારા સમાજોમાંથી એક છે. હાઈકોર્ટના જસ્ટિસ અરુણે શુક્રવારે એંકર સુધીર ચૌધરી વિરુદ્ધ કર્ણાટક રાજ્ય કેસની સુનાવણી દરમિયાન આ નિવેદન આપ્યું હતું.

જસ્ટિસ અરુણે કહ્યું કે, આપણે ભારતીયો ભલે ઘણીવાર અન્ય દેશો પર જાતિવાદ અને રંગભેદનો આરોપ લગાવીએ છીએ, પરંતુ વાસ્તવમાં આપણે પોતે જ સૌથી મોટા રંગભેદી છીએ. આપણા ભારતીયોની... આપણા દરેક સમુદાયની આ જ સમસ્યા છે કે આપણે નથી સમજતા કે અહીં ફક્ત એક જ પ્રજાતિ છે, જેને હોમો સેપિયન્સ કહે છે. આપણે વિશ્વના સૌથી મોટા જાતિવાદી સમાજોમાંથી એક છીએ... સત્ય એ છે કે આપણે પણ કોઈથી ઓછા નથી.

જસ્ટિસ અરુણે આ જાતિવાદી માનસિકતાને ભારતમાં સમુદાય આધારિત રાજનીતિ અને તુષ્ટિકરણની નીતિઓ માટે જવાબદાર ઠેરવી. તેમણે કહ્યું કે, સમાજના આ જ વલણને કારણે રાજકીય પક્ષો પણ તે મુજબ જ નેતાઓની પસંદગી કરે છે. આપણે દરેક સમુદાયને અલગ પ્રજાતિની જેમ જોઈએ છીએ અને તેના આધારે જ ભેદભાવ કરીએ છીએ. આ જ કારણે રાજકારણમાં ટિકિટ આપતી વખતે પણ પક્ષો ઉમેદવારની યોગ્યતા કરતાં તેના સમુદાયને વધુ મહત્ત્વ આપે છે. તેમણે રાજકીય વ્યવસ્થા પર સવાલ ઉઠાવતા કહ્યું કે, આપણે કહીએ છીએ કે નેતાઓ ભ્રષ્ટ છે, પરંતુ સત્ય એ છે કે લોકશાહીમાં જનતાને તે જ નેતા મળે છે જેના માટે તે યોગ્ય હોય છે. જસ્ટિસ અરુણે ભારતની ગુલામી માટે પણ આ જાતિવાદી અને રંગભેદી વિચારસરણીને જવાબદાર ગણાવી. તેમણે કહ્યું કે, ઈસ્ટ ઈન્ડિયા કંપનીના અમુક હજાર અંગ્રેજોએ આપણને ગુલામ બનાવ્યા, કારણ કે તે સમયે આપણામાં ભારતીયતાનો કોઈ બોધ નહોતો. તેમણે ચિંતા વ્યક્ત કરી કે, ૨૦૦ વર્ષની ગુલામી પછી એ ભાવ આવ્યો, તો આપણે અંગ્રેજોને ભગાડી દીધા. પણ હવે ખાનગી કંપનીઓ અને કોર્પોરેટ સેક્ટરનો નવ-ઉપનિવેશવાદ શરૂ થઈ ગયો છે. આનું કારણ ફરી એ જ છે... આપણે ફરી જૂની આદત પર પાછા ફર્યા છીએ કે... માણસને માણસ તરીકે ન જોવો."

હાઈકોર્ટની આ ટિપ્પણી ન્યૂઝ એંકર સુધીર ચૌધરી વિરુદ્ધ ૨૦૨૩માં નોંધાયેલા એક હેટ સ્પીચ કેસને રદ કરવાની માંગ કરતી અરજી પર સુનાવણી દરમિયાન કરવામાં આવી હતી. ચૌધરી પર કર્ણાટક સરકારની સ્વાવલંબી સારથી યોજના પર ખોટો અને ઉશ્કેરણીજનક રિપોર્ટ ચલાવવાનો આરોપ હતો.

સુનાવણી દરમિયાન જસ્ટિસ અરુણે પૂછ્યું કે, શું રિપોર્ટમાં ખરેખર કોઈ તથ્યાત્મક જૂઠ હતું, જેના જવાબમાં ફરિયાદીના વકીલે કહ્યું કે શોમાં મુસ્લિમ સમુદાયનું દાનવીકરણ કરવામાં આવ્યું અને તેમની વિરુદ્ધ ઘૃણા ફેલાવવામાં આવી. જોકે, જસ્ટિસ અરુણે કહ્યું કે જો રાજ્ય અને ફરિયાદી એ સાબિત નહીં કરી શકે કે રિપોર્ટમાં સ્પષ્ટ જૂઠ કહેવામાં આવ્યું હતું, તો ચેનલ અને એંકરને રાહત મળી શકે છે.

વીજ બિલ બાકી છતાં કોઈ કાર્યવાહી નહીં

# તેજ પ્રતાપનું ખાનગી બંગલાનું ૩.૫ લાખ રૂપિયા વીજ બિલ બાકી

## તેજ પ્રતાપના ખાનગી નિવાસસ્થાનનું વીજળી કનેક્શન છેલ્લા ૩ વર્ષથી બાકી રકમ હોવા છતાં ચાલુ છે

(સંપૂર્ણ સમાચાર સેવા)પટણા

બિહારના પૂર્વ મુખ્યમંત્રી લાલુ પ્રસાદ યાદવના મોટા પુત્ર તેજ પ્રતાપ યાદવના વીજળી બિલનો એક મામલો સામે આવ્યો છે. પટનાના બેઉર વિસ્તારમાં આવેલા તેજ પ્રતાપના ખાનગી નિવાસસ્થાનનું વીજળી કનેક્શન છેલ્લા ૩ વર્ષથી બાકી રકમ હોવા છતાં ચાલુ છે. વીજળી વિભાગના નિયમો પર સવાલ ઉઠાવી રહેલો આ મામલો હવે ચર્ચાનો વિષય બન્યો છે.

વીજળી વિભાગના જણાવ્યા મુજબ, તેજ પ્રતાપના બેઉરના પોશ વિસ્તારમાં આવેલા નિવાસસ્થાનનું વીજળી કનેક્શન ઘરેલું શ્રેણીનું છે. વીજળી વિભાગના રેકોર્ડ અનુસાર, છેલ્લી વાર જુલાઈ ૨૦૨૨માં બિલ જમા કરવામાં આવ્યું હતું. ત્યારબાદ માસિક બિલની અવગણનાને કારણે બાકી રકમ ચક્રવૃદ્ધિ વ્યાજ સાથે વધીને રૂ. ૩,૫૬,૦૦૦થી વધુ થઈ ગઈ છે. તેજ પ્રતાપના આવાસનું સરેરાશ માસિક વીજ વપરાશ લગભગ ૫૦૦ યુનિટ છે, જે તેમની લક્ઝરી લાઈફસ્ટાઈલ દર્શાવે છે.

બિહાર વીજળી વિભાગના સખ્ત નિયમો અનુસાર, જો વીજળીનું બિલ રૂ. ૨૫૦૦૦થી વધુ બાકી હોય, તો ૭ દિવસની નોટિસ આપીને કનેક્શન કાપી નાખવામાં આવે છે. રાજ્યમાં દર વર્ષે લાખો સામાન્ય ગ્રાહકોના કનેક્શન આ જ નિયમ હેઠળ કાપવામાં આવે છે. જોકે, તેજ પ્રતાપ યાદવના કેસમાં ૩.૫ લાખથી વધુનું બિલ બાકી હોવા છતાં કનેક્શન કાપવામાં આવ્યું નથી.

વીજળી વિભાગના સૂત્રો અનુસાર, રાજકીય દબાણ અથવા ફાઈલોમાં વિલંબને કારણે VIP મામલાઓમાં કાર્યવાહી ધીમી થવાના આરોપો છે, જે આ કેસમાં સાબિત થાય છે. વીજળી વિભાગના તાજેતરના વસૂલી અભિયાન દરમિયાન જ તેજ પ્રતાપના આવાસ પર આટલું મોટું બિલ બાકી હોવાની પોલ ખૂલી હતી. સમગ્ર રાજ્યમાં રૂ.૫૦૦૦ કરોડથી વધુની બાકી રકમ પડતર છે. વીજળી વિભાગે હવે આ મામલે તરત નોટિસ જાહેર કરવાનો નિર્ણય લીધો છે. તેજ પ્રતાપ યાદવને આગામી ૧૫ દિવસમાં રૂ. ૩.૫૬ લાખની બાકી રકમ ચૂકવવાનો અથવા હપ્તામાં ચૂકવવાનો વિકલ્પ આપવામાં આવશે. જો આમ કરવામાં નહીં આવે તો નિયમ મુજબ તેમનું કનેક્શન કાપી નાખવામાં આવશે. વીજળી વિભાગના એક અધિકારીએ કહ્યું કે, રાજકીય વ્યક્તિ હોવાથી કોઈ છૂટ મળી શકે નહીં અને બિલ જમા ન કરાવવા પર વિભાગ કાયદાકીય કાર્યવાહી કરશે. જોકે, આ સમગ્ર મામલે તેજ પ્રતાપ યાદવ તરફથી હજી સુધી કોઈ પ્રતિક્રિયા કે નિવેદન આવ્યું નથી, પરંતુ આ ઘટના આમ જનતામાં ચર્ચાનો વિષય બની છે કે શું ધનિકો અને VIP લોકો માટે નિયમો અલગ હોય છે.

# હાઈબ્રિડ ક્રોપ્સમાં જબરદસ્ત સિદ્ધિ બદલ ભારતીય વૈજ્ઞાનિક સન્માનિતઃ વિનફ્યુચર સ્પેશ્યલ પ્રાઈઝ ૨૦૨૫ અપાયું

(સંપૂર્ણ સમાચાર સેવા)શ્રીનગર

કાશ્મીરમાં પટ્ટણના નિવાસી અને હાલમાં કેલિફોર્નિયા યુનિવર્સિટી ડેવિસમાં આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો. ઈમ્તિયાઝ ખાનડેનું ૨૦૨૫ના વિનફ્યુચર પ્રાઈઝ એવોર્ડમાં ઈમર્જિંગ ફિલ્ડ્સમાં ઈનોવેટર્સ વિથ આઉટસ્ટેન્ડિંગ એચિવમેન્ટ્સ વડે સ્પેશ્યલ પ્રાઈઝ વડે સન્માન કરવામાં આવ્યું છે. ડો. ખાનડે અને તેમની રિસર્ચ ટીમે ક્લોનલ હાઈબ્રિડ પાકનું ઉત્પાદન કરવા માટે ક્રાંતિકારી પદ્ધતિની શોધ કરી છે, તેના કારણે હાઈબ્રિડ ચોખા અને અન્ય પાક એવા બીજનું ઉત્પાદન કરી શકશે જે તેમના હાઈબ્રિડ લક્ષણોને કેટલીય ભાવિ પેઢીઓ સુધી જાળવી શકશે. ડો. ખાનડેએ શોધેલી નવી પદ્ધતિના કારણે નવી પેઢીના જ નહીં આગામી કેટલીય પેઢીઓ સુધીના બીજમાં તેના ફાયદા જળવાયેલા રહે છે.

આ પદ્ધતિના કારણે ખેડૂતોના બિયારણ ખર્ચમાં નોંધપાત્ર ઘટાડો થશે, ઉત્પાદકતામાં વધારો થશે અને વૈશ્વિક ફૂડ સિક્યોરિટીમાં પણ વધારો થશે. વર્ષોના સંશોધન પછી આ પરિણામ હાંસલ કરી શકાયું છે. ૨૦૨૩માં ડો. ખાનડે અને પ્રોફેસર વેંકટેસન સુંદરેસનની આગેવાની હેઠળ યુસી ડેવિસ ખાતેની ટીમે કોમર્સિયલ રાઈસ હાઈબ્રિડ્સમાં ક્લોન્સના ઉત્પાદનમાં ૯૫ ટકા ક્ષમતા કેળવી લીધી હતી.

ફ્રાન્સ, જર્મની અને ઘાનાના સહયોગમાં ટીમે અનેક પેઢીઓ સુધી લક્ષણજન્ય સ્થિરતા ધરાવતા પાક.નો મોર્ગ મોકળો કર્યો છે. તેના કારણે ઊંચી ઉત્પાદકતાવાળી, ઊંચા ઉત્પાદનવાળી અને ટકાઉ ખેતી શક્ય બનશે.




# તંત્રી લેખ......

## રાજકારણ જાતિથી આગળ વધે છે

બિહાર વિધાનસભા ચૂંટણીમાં એનડીએએ નોંધપાત્ર જીત મેળવી. હું તેને નોંધપાત્ર કહું છું કારણ કે સમાજના તમામ વર્ગોની ચૂંટણી ભાગીદારી સ્પષ્ટપણે વ્યક્ત કરવામાં આવી હતી. એનડીએના ઘટકોને સમાજના તમામ વર્ગો - દલિતો, પછાત જાતિઓ, આગળની જાતિઓ, મહિલાઓ અને યુવાનો તરફથી સૌથી વધુ મત અને સમર્થન મળ્યું. બિહારના ૬૭ ટકા ઓબીસીમાંથી, એનડીએને ૭૧ ટકા ઉચ્ચ જાતિના ઓબીસી અને ૬૮ ટકા અત્યંત પછાત ઓબીસી મત મળ્યા. એનડીએને યાદવ અને મુસ્લિમ મતોનો પણ હિસ્સો મળ્યો, જે મહાગઠબંધનના સૌથી મોટા ઘટક આરજેડીના મજબૂત મત બેંક માનવામાં આવે છે.

મહાગઠબંધનની તરફેણમાં મુસ્લિમ-યાદવ એકત્રીકરણ આ ચૂંટણીમાં કંઈક અંશે નબળું પડ્યું. લગભગ ૬૦ ટકા દલિતોએ એનડીએને પસંદ કર્યું. ૪૮ ટકા મહિલાઓ અને ૪૬ ટકા પુરુષોએ પણ એનડીએને મત આપ્યો. એનડીએની જીતમાં યુવાનોના નોંધપાત્ર ટકાવારીનો પણ નોંધપાત્ર ભાગ રહ્યો. આંકડા દર્શાવે છે કે બિહારમાં સમાજના તમામ આર્થિક વર્ગો, જેમાં ઉચ્ચ, મધ્યમ અને નીચલી જાતિઓનો સમાવેશ થાય છે, એ જેડીયુ-ભાજપ ગઠબંધનને તેમનો સૌથી વધુ ટેકો આપ્યો.

બિહારનો આદેશ ભારતીય સમાજ અને ભારતીય લોકશાહીના મૂળભૂત સ્વભાવમાં એક મોટો પરિવર્તન દર્શાવે છે. ચૂંટણી પરિણામોનું વિશ્લેષણ કરીને આ પરિવર્તન સરળતાથી સમજી શકાય છે. ચૂંટણી પરિણામો દર્શાવે છે કે ઓળખ-આધારિત ગતિશીલતાની રાજનીતિ ધીમે ધીમે તેનો પ્રભાવ ગુમાવી રહી છે. ખાસ કરીને, જાતિ ઓળખનું રાજકારણ, જે જાતિઓ વચ્ચે વધતા જાતિ સંઘર્ષો દ્વારા વિકસિત થાય છે. બિહાર ચૂંટણી પરિણામો સૂચવે છે કે જનતા હવે તેનાથી વધુ માંગ કરે છે. રાજકીય વૈજ્ઞાનિક રજની કોઠારીએ એક વખત કહ્યું હતું કે રાજકારણને જાતિની જરૂર છે, અને જાતિને રાજકારણની જરૂર છે. આ નવા સંદર્ભમાં, એ કહેવું યોગ્ય રહેશે કે રાજકારણ જાતિથી આગળ વધી રહ્યું છે.

બિહારમાં આ સ્પષ્ટપણે સ્પષ્ટ છે. જાતિ ઓળખ રાજકારણનું રાજકીય દર્શન, જે જાતિઓમાં 'પોતાના' વિરુદ્ધ 'અન્ય' ની વિભાવના પર આધારિત છે, તે સંવાદ અને સહયોગની ભાવનામાં વિકસિત થયું છે. જો આપણે બિહારની ચૂંટણીઓને જાતિના દ્રષ્ટિકોણથી જોઈએ તો પણ, મોટાભાગની જાતિઓએ પરસ્પર સમજણ અને સમાધાન સાથે મતદાન કર્યું.પરિણામો એ પણ સૂચવે છે કે ભારતની ચૂંટણી રાજકારણ ધીમે ધીમે સત્તા વિરોધીના દાયકાઓ જૂના ખ્યાલને નકારી રહી છે. મતદારોના મનમાં સત્તા વિરોધી વલણ વધી રહ્યું છે, જે સત્તા વિરોધી વલણને બદલે છે.

આ ખાસ કરીને એવા પક્ષો અને જોડાણો માટે સાચું છે જેમણે તેમના વહીવટ દ્વારા જાહેર કલ્યાણ નીતિઓ સાથે વિકાસની રાજનીતિને સફળતાપૂર્વક અને પ્રામાણિકપણે અમલમાં મૂકી છે. બિહારમાં એનડીએની તરફેણમાં મહિલા મતોનું એકત્રીકરણ આ જ રસાયણશાસ્ત્રનું પરિણામ છે. આ રસાયણશાસ્ત્ર એ રસાયણશાસ્ત્ર છે જે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં ભાજપ અને નીતિશ કુમારના નેતૃત્વમાં જદયુએ પોતપોતાના રાજકીય પરિદૃશ્યમાં કેળવ્યું છે. આ રાજકીય રસાયણશાસ્ત્રનો ખેડૂતો, મજૂરો, દલિતો, મહિલાઓ અને યુવાનો પર પ્રભાવ પડ્યો છે. બિહારના જનાદેશે એ પણ સાબિત કર્યું કે વિકાસ અને કલ્યાણકારી યોજનાઓની રાજનીતિએ ભારતીય સમાજમાં આકાંક્ષાઓ જાગૃત કરી છે, જાતિ અને સંપ્રદાયના અવરોધો અને ઓળખની લાગણીઓની સીમાઓ તોડી નાખી છે, જેનાથી ભાજપ અને એનડીએ માટે નોંધપાત્ર સમર્થન ઉત્પન્ન થયું છે. બિહારના મતદારોનો એક નોંધપાત્ર ભાગ કેન્દ્ર અને રાજ્ય સરકારો દ્વારા ચલાવવામાં આવતી વિવિધ યોજનાઓના લાભાર્થી વર્ગનો ભાગ બન્યો છે. સ્વાભાવિક રીતે, તેમાંથી મોટાભાગના લોકોએ વિધાનસભા ચૂંટણીમાં એનડીએને મત આપ્યો હતો.

---

પાકિસ્તાની મહિલાએ PM મોદી પાસે માંગી મદદ

## મારો પતિ ભારતમાં બીજા લગ્ન કરી રહ્યો છે, પ્લીઝ મદદ કરો!

(સંપૂર્ણ સમાચાર સેવા)કરાચી

પાકિસ્તાનના કરાચીમાં રહેતી નિકિતા નાગદેવ માટે, તેના લગ્ન લાંબા કાનૂની અને ભાવનાત્મક કસોટી બની ગયા છે. તેણીએ તેના પતિ પર પાકિસ્તાનમાં તેને ત્યજી દેવાનો અને દિલ્હીમાં બીજા લગ્ન કરવાનો આરોપ લગાવ્યો છે. નિકિતાએ ૨૬ જાન્યુઆરી, ૨૦૨૦ ના રોજ કરાચીમાં લાંબા ગાળાના ભારતીય વિઝા પર ઇન્દોરમાં રહેતા પાકિસ્તાની મૂળના વિક્રમ નાગદેવ સાથે હિન્દુ વિધિઓ અનુસાર લગ્ન કર્યા. લગ્નના એક મહિના પછી, ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૦ ના રોજ, વિક્રમ તેણીને ભારત લાવ્યો. નિકિતાનો આરોપ છે કે ૯ જુલાઈ, ૨૦૨૦ ના રોજ, તેણીને અટારી બોર્ડર પર લઈ જવામાં આવી હતી અને વિઝા ટેક્નિકલતાના બહાને પાકિસ્તાન પાછી મોકલી દેવામાં આવી હતી. "હું તેમને ભારત બોલાવવા માટે વારંવાર વિનંતી કરતી રહી, પરંતુ તેઓએ દરેક વખતે ના પાડી," નિકિતાએ કરાચીથી ભાવનાત્મક વિડિઓ સંદેશમાં કહ્યું. નિકિતાએ આરોપ લગાવ્યો કે લગ્ન પછી તરત જ તેના સાસરિયાઓનું વર્તન બગડ્યું. "જ્યારે હું પાકિસ્તાનથી મારા સાસરિયાના ઘરે પાછી આવી, ત્યારે તેમનું વર્તન સંપૂર્ણપણે બદલાઈ ગયું," તેણીએ કહ્યું. નિકિતાએ આરોપ લગાવ્યો કે તેણીને ખબર પડી કે તેના પતિનો એક સંબંધી સાથે અફેર છે. જ્યારે તેણીએ તેના સસરાને આ વિશે જણાવ્યું, ત્યારે તેમણે અહેવાલ મુજબ કહ્યું, "છોકરાઓનાં અફેર હોય છે, કંઈ કરી શકાતું નથી."

નિકિતાએ એવો પણ દાવો કર્યો હતો કે કોવિડ-૧૯ લોકડાઉન દરમિયાન, વિક્રમે તેના પર પાકિસ્તાન પાછા ફરવા માટે દબાણ કર્યું હતું અને ત્યારથી તેણે ભારતમાં તેના પુનઃપ્રવેશને અવરોધિત કર્યો છે. કરાચી પહોંચ્યા પછી, નિકિતાને કથિત રીતે ખબર પડી કે તેનો પતિ, વિક્રમ, કાયદેસર રીતે પરિણીત હોવા છતાં, દિલ્હીની બીજી મહિલા સાથે લગ્ન કરવાની તૈયારી કરી રહ્યો છે.

નિકિતાએ ૨૭ જાન્યુઆરી, ૨૦૨૫ ના રોજ લેખિત ફરિયાદ નોંધાવી. મધ્યપ્રદેશ હાઈકોર્ટ દ્વારા અધિકૃત સિંધી મધ્યસ્થી અને કાનૂની સલાહકાર કેન્દ્રે આ મામલો હાથ ધર્યો. વિક્રમ અને તેની સગાઈ થયેલી મહિલાને નોટિસ જારી કરવામાં આવી હતી, અને સુનાવણી હાથ ધરવામાં આવી હતી, પરંતુ મધ્યસ્થી કોઈ ઉકેલ લાવી શકી ન હતી.

૩૦ એપ્રિલ, ૨૦૨૫ ના રોજ સિંધી પંચ કેન્દ્રે તેના અહેવાલમાં તારણ કાઢ્યું હતું કે નિકિતા કે વિક્રમ બંને ભારતીય નાગરિક ન હોવાથી, આ વિવાદ પાકિસ્તાનના અધિકારક્ષેત્ર હેઠળ આવે છે. જો કે, કેન્દ્રએ વિક્રમને પાકિસ્તાન મોકલવાની ભલામણ કરી હતી.

મે ૨૦૨૫ ની શરૂઆતમાં, નિકિતાએ ઇન્દોર સામાજિક પંચાયતનો સંપર્ક કર્યો હતો, જેણે પણ વિક્રમને દેશનિકાલ કરવાની ભલામણ કરી હતી. ઇન્દોરના કલેક્ટર આશિષ સિંહે પાછળથી પુષ્ટિ આપી હતી કે તપાસનો આદેશ આપવામાં આવ્યો છે અને તારણો અનુસાર કાર્યવાહી કરવામાં આવશે.પોતાના ભાવનાત્મક વીડિયોમાં, નિકિતાએ ન્યાયની માંગણી કરતા કહ્યું, "જો આજે ન્યાય નહીં મળે, તો મહિલાઓ ન્યાય પરથી વિશ્વાસ ગુમાવી દેશે. હું દરેકને મારી સાથે ઉભા રહેવા વિનંતી કરું છું."

---

સ્વાવલંબન, સ્વદેશી અને ગ્રામોત્થાન જ ગાંધીવાદી શિક્ષણનો આત્મા છેઃ રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજી

## ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતક સંઘ સંમેલનમાં રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીનું પ્રેરણાદાયી ઉદબોધન



ગૂજરાત વિદ્યાપીઠ દ્વારા અમદાવાદ ખાતે આયોજિત સ્નાતક સંઘ સંમેલનના સમાપન સમારોહમાં રાજયપાલશ્રી અને ગૂજરાત વિદ્યાપીઠના કુલાધિપતિ શ્રી આચાર્ય દેવવ્રતજીએ ગાંધીવાદી શિક્ષણ, આત્મનિર્ભરતા, ગ્રામીણ વિકાસ અને પ્રાકૃતિક ખેતીના મહત્વ પર તેમના વિચારો વ્યક્ત કર્યા હતા.

રાજયપાલશ્રીએ મહાદેવ દેસાઈ એવોર્ડથી સન્માનિત શ્રી ભગવાનદાસ પટેલ સહિત તમામ પ્રતિષ્ઠિત ભૂતપૂર્વ વિદ્યાર્થીઓને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા. તેમણે કહ્યું કે, કોઈપણ સંસ્થાની સૌથી મોટી સંપત્તિ તેના સ્નાતકો છે. તેઓ સંસ્થાની પ્રતિષ્ઠા અને ગૌરવના સાચા વાહક છે.

રાજયપાલશ્રીએ ઉલ્લેખ કર્યો કે, ગૂજરાત વિદ્યાપીઠના ટ્રસ્ટી શ્રી મનસુખભાઈ પટેલને તાજેતરમાં જ જમનાલાલ બજાજ એવોર્ડ એનાયત કરવામાં આવ્યો હતો, જે ગ્રામીણ અને આદિવાસી વિસ્તારોમાં શિક્ષણ, આરોગ્ય અને સામાજિક ઉત્થાનમાં તેમના લાંબા ગાળાના યોગદાનની રાષ્ટ્રીય સ્વીકૃતિ છે. રાજયપાલશ્રીએ તેમને અભિનંદન પાઠવ્યા હતા.

રાજયપાલશ્રીએ ઉમેર્યું કે, આ વર્ષે આયોજિત સ્નાતક સંઘ સંમેલન અને પૂર્વ સંમેલન વચ્ચે લગભગ અડધી સદીનું અંતર હતું. તેમણે આ તૂટેલી પરંપરાને ફરીથી જાગૃત કરવા બદલ કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલ, રજિસ્ટ્રાર ડૉ. હિમાંશુ પટેલ અને તેમની સમગ્ર ટીમની પ્રશંસા કરતા કહ્યું કે, ગૂજરાત વિદ્યાપીઠના સ્નાતકો સંસ્થાની સૌથી મોટી તાકાત છે. તેમને ફરીથી જોડવા, ગાંધીવાદી પરંપરાને મજબૂત બનાવવા અને આગામી પેઢીને તેમની સાથે જોડવી એ ખૂબ જ પ્રશંસનીય કાર્ય છે.

રાજયપાલશ્રીએ કહ્યું કે, ગૂજરાત વિદ્યાપીઠે આશરે ૨૮,૦૦૦ વિદ્યાર્થીઓને શિક્ષિત કરીને સમાજને સમર્પિત કર્યા છે, જેમાંથી ૮,૦૦૦-૧૦,૦૦૦ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો આ સંઘ દ્વારા સંપર્ક કરવામાં આવ્યો હતો, જે સ્વયંમાં એક મહત્વપૂર્ણ સિદ્ધિ છે.

વર્ષ ૧૯૨૦માં મહાત્મા ગાંધીજી દ્વારા સ્થાપિત ગૂજરાત વિદ્યાપીઠની મુખ્ય ભાવનાને યાદ કરતા રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ જણાવ્યું હતું કે, બાપુનો ઉદ્દેશ્ય ફક્ત ડિગ્રી આપવાનો નહોતો, પરંતુ એવા યુવાનો અને મહિલાઓને તૈયાર કરવાનો હતો કે જેઓ, સ્વાવલંબી અને આત્મનિર્ભર હોય, દેશભક્તિ અને સેવાની ભાવનાથી રંગાયેલા હોય, ભારતીય સંસ્કૃતિ, સત્ય, અહિંસા અને નૈતિક મૂલ્યોને પોતાના જીવનનો ભાગ બનાવે અને ગ્રામીણ સમાજના ઉત્થાન માટે કામ કરે.

તેમણે કહ્યું કે, જો આજે ગાંધીજી જીવતા હોત, તો તેઓ ઝેરી, રાસાયણ આધારિત ખેતીનો સખત વિરોધ કરતા અને ગાય આધારિત, પ્રાકૃતિક, ઝેરમુક્ત ખેતીની હિમાયત કરનારા પ્રથમ વ્યક્તિ હોત.

રાજયપાલશ્રીએ ગૂજરાત વિદ્યાપીઠની "ગ્રામ ઉત્થાન યાત્રા"નો ખાસ ઉલ્લેખ કરતા ઉમેર્યું કે, છેલ્લા બે વર્ષમાં, ગૂજરાત વિદ્યાપીઠના આશરે ૨,૦૦૦ વિદ્યાર્થીઓ અને ૩૦૦ થી વધુ ફેકલ્ટી અને સ્ટાફે આશરે ૧૫,૦૦૦ ગામડાઓ સુધી પહોંચવા માટે ટીમો બનાવી છે. આ મુલાકાતો દ્વારા, ગ્રામજનોમાં દેશી ગાય આધારિત પ્રાકૃતિક ખેતી, પર્યાવરણ સંરક્ષણ, જળ સંરક્ષણ, સ્વદેશી, સ્વચ્છતા, જાહેર આરોગ્ય અને ગ્રામીણ અર્થતંત્રને મજબૂત બનાવવા જેવા વિષયો પર વ્યાપક જનજાગૃતિ લાવવામાં આવી છે.

રાજયપાલશ્રીએ જણાવ્યું હતું કે, પ્રાકૃતિક ખેતીથી ધરતી માતા, પાણી, પર્યાવરણ, માનવ સ્વાસ્થ્ય અને ખેડૂતની આવક, આ તમામનું કલ્યાણ સંભવ છે અને આ વિચાર મૂળતઃ ગાંધીવાદી ચિંતનમાંથી ઉદ્ભવે છે.

રાજયપાલશ્રીએ ભારપૂર્વક જણાવ્યું કે, ગામડાઓમાં રહેતા વિદ્યાપીઠના ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનું યોગદાન આ ગ્રામ ઉત્થાન યાત્રાની સફળતામાં મહત્વપૂર્ણ હતું, જેમણે વિદ્યાર્થીઓના ભોજન, રહેઠાણ અને અન્ય વ્યવસ્થાઓની જવાબદારી લીધી હતી, તે બદલ રાજ્યપાલશ્રીએ આ માટે તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓનો આભાર વ્યક્ત કર્યો હતો.

રાજયપાલશ્રીએ મહાત્મા ગાંધીજીના જીવનના અનેક પ્રસંગોનો ઉલ્લેખ કર્યો, જેમાં વર્ણવ્યું કે કેવી રીતે ગાંધીએ ચંપારણ જેવા આંદોલનો દ્વારા શોષિત ખેડૂતોની આર્થિક દુર્દશા પર પ્રકાશ પાડ્યો, સ્વચ્છતા, આત્મનિર્ભરતા અને સ્વદેશીને જીવનનો પાયો બનાવ્યો અને ગ્રામીણ ભારતને રાષ્ટ્રનિર્માણના કેન્દ્રમાં મૂક્યું.

તેમણે કહ્યું કે, ગાંધીજી એવા મશીનોને પસંદ કરતા હતા જે, માનવ ઉત્પાદકતામાં વધારો કરે છે પરંતુ માનવ અસ્તિત્વને જોખમમાં મૂકતા નથી. આ વિચારસરણીને કારણે તેમણે ચરખાને સ્વદેશી અને આત્મનિર્ભરતાનું પ્રતીક બનાવ્યું અને વિદેશી કાપડનો બહિષ્કાર કરીને, તેમણે સ્વદેશી ચળવળને લોકો સુધી પહોંચાડી.

ગૂજરાત વિદ્યાપીઠ ભૂતપૂર્વ કુલાધિપતિ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલ અને બારડોલી સત્યાગ્રહમાં ખેડૂતોને સંગઠિત કરવાના અને બ્રિટિશ શાસનનો વિરોધ કરવાના તેમના પ્રયાસોની પણ પ્રશંસા કરી. તેમણે સરદાર પટેલ દ્વારા અંગ્રેજોને શરણાગતિ સ્વીકારવા માટે મજબૂર કરવામાં ભજવવામાં આવેલી ઐતિહાસિક ભૂમિકાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે કહ્યું કે, અહિંસા, સત્ય, એકતા અને આત્મવિશ્વાસ - આ ચાર સ્તંભો કોઈપણ રાષ્ટ્રને મજબૂત બનાવે છે, અને સરદાર પટેલનું સમગ્ર જીવન આ મૂલ્યોનું જીવંત ઉદાહરણ હતું. વિદ્યાર્થીઓને આગ્રહ કર્યો કે, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સાથે સક્રિય સંવાદ જાળવી રાખો, તેમના અનુભવોમાંથી માર્ગદર્શન મેળવો, ગાંધીજીના સ્વદેશી, આત્મનિર્ભરતા અને સેવાના મંત્રને તેમના જીવનમાં સમાવિષ્ટ કરો, અને રાષ્ટ્રનિર્માણના પડકારો માટે પોતાને તૈયાર કરો.

તેમણે કહ્યું કે, વિદ્યાર્થીના જીવનમાં બે જન્મ હોય છે - પહેલો જન્મ તેની માતા સાથે અને બીજો જન્મ તેના ગુરુના આશ્રમમાં શિક્ષણ મેળવતી વખતે; તેથી, તેના શિક્ષકો અને સંસ્થા પ્રત્યેનું ઋણ તેના જીવનભર યાદ રાખવું જોઈએ.

રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ સૌને હૃદયપૂર્વક અભિનંદન પાઠવ્યા અને આશા વ્યક્ત કરી કે, ગૂજરાત વિદ્યાપીઠ ફરી એકવાર નવા ઉત્સાહ, નવા સંકલ્પ અને ગાંધીવાદી વિચારધારા સાથે આગળ વધશે, સામાજિક કાર્યકરો, ચારિત્ર્યવાન, આત્મનિર્ભર અને દેશભક્ત યુવાનો તૈયાર કરશે, અને ગ્રામીણ ઉત્થાન દ્વારા ભારતને વિકસિત અને આત્મનિર્ભર બનાવવાના સંકલ્પને મજબૂત બનાવશે. આ કાર્યક્રમમાં ગૂજરાત વિદ્યાપીઠના કુલપતિ ડૉ. હર્ષદભાઈ પટેલ, લોકભારતી યુનિવર્સિટીના કુલાધિપતિશ્રી અરુણભાઈ દવે, ગુજરાત વિદ્યાપીઠ સ્નાતક સંઘના કાર્યકારી પ્રમુખશ્રી ચંદુભાઈ પટેલ, ગુજરાત વિદ્યાપીઠની વિવિધ વિદ્યાશાખાઓના અધ્યક્ષ, અધ્યાપકો, ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ તથા વર્તમાન વિદ્યાર્થીઓ ઉપસ્થિત રહ્યા હતા.

---

## ભાવનગર ટર્મિનસ સ્ટેશન યાર્ડમાં પિટ લાઈનના કામ માટે બ્લોક લેવાતા ૧૨ ડિસેમ્બરથી ભાવનગર મંડળની કેટલીક ટ્રેનો પ્રભાવિત રહેશે

પશ્ચિમ રેલવેના ભાવનગર મંડળના ભાવનગર ટર્મિનસ સ્ટેશન યાર્ડમાં પિટ લાઈન નં. ૨ના રિપેર કામ માટે બ્લોક લેવામાં આવવાને કારણે જે ટ્રેનો ૮ ડિસેમ્બર, ૨૦૨૫ (સોમવાર)થી રદ કરવાનાં હતાં, તેને હવે ૧૨ ડિસેમ્બર, ૨૦૨૫ (શુક્રવાર)થી આગામી ૪૫ દિવસ માટે રદ કરવાની નિર્ણય લેવામાં આવ્યો છે. આ અવધિ દરમિયાન કેટલીક ટ્રેનો રદ, શોર્ટ ટર્મિનેશન/ઓરિજિનેશન તથા પુનર્નિયોજિત કરવામાં આવશે. મુસાફરોને વિનંતી છે કે મુસાફરી પહેલાં સંબંધિત માહિતી જરૂર મેળવે. ભાવનગર મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠી મુજબ પ્રભાવિત ટ્રેનોનું વિગતવાર વર્ણન નીચે મુજબ છેઃ

રદ (Cancel) થનારી ટ્રેનોઃ

૧. ટ્રેન નંબર ૫૯૨૨૮/૫૯૨૩૩ ભાવનગર–સુરેન્દ્રનગર–ભાવનગર પેસેન્જર તા. ૧૨.૧૨.૨૦૨૫ થી ૨૫.૦૧.૨૦૨૬ સુધી કુલ ૪૫ દિવસ રદ રહેશે.

૨. ટ્રેન નંબર ૫૯૨૬૭/૫૯૨૬૮ ભાવનગર–પાલીતાણા–ભાવનગર પેસેન્જર તા. ૧૨.૧૨.૨૦૨૫ થી ૨૫.૦૧.૨૦૨૬ સુધી કુલ ૪૫ દિવસ રદ રહેશે.

૩. ટ્રેન નંબર ૫૯૨૬૯/૫૯૨૭૦ ભાવનગર–પાલીતાણા–ભાવનગર પેસેન્જર તા. ૧૨.૧૨.૨૦૨૫થી ૨૫.૦૧.૨૦૨૬ સુધી કુલ ૪૫ દિવસ રદ રહેશે.

૪. ટ્રેન નંબર ૫૯૨૩૦ ભાવનગર–બોટાદ પેસેન્જર તા. ૧૨.૧૨.૨૦૨૫ થી ૨૫.૦૧.૨૦૨૬ સુધી કુલ ૪૫ દિવસ રદ રહેશે.

૫. ટ્રેન નંબર ૫૯૨૨૯ બોટાદ–ભાવનગર પેસેન્જર તા. ૧૩.૧૨.૨૦૨૫ થી ૨૬.૦૧.૨૦૨૬ સુધી કુલ ૪૫ દિવસ રદ રહેશે.

૬. ટ્રેન નંબર ૫૯૨૦૪/૫૯૨૭૧ ભાવનગર–બોટાદ–ભાવનગર પેસેન્જર તા. ૧૨.૧૨.૨૦૨૫ થી ૨૫.૦૧.૨૦૨૬ સુધી કુલ ૪૫ દિવસ રદ રહેશે.

૭. ટ્રેન નંબર ૫૯૨૩૫ ધોલા–મહુવા પેસેન્જર તા. ૧૨.૧૨.૨૦૨૫ થી ૨૫.૦૧.૨૦૨૬ સુધી કુલ ૪૫ દિવસ રદ રહેશે.

૮. ટ્રેન નંબર ૫૯૨૩૬ મહુવા–ધોલા પેસેન્જર તા. ૧૩.૧૨.૨૦૨૫ થી ૨૬.૦૧.૨૦૨૬ સુધી કુલ ૪૫ દિવસ રદ રહેશે.

૯. ટ્રેન નંબર ૦૯૫૨૯/૦૯૫૩૦ ધોલા–ભાવનગર–ધોલા TOD સ્પેશિયલ તા. ૧૨.૧૨.૨૦૨૫ થી ૨૫.૦૧.૨૦૨૬ સુધી કુલ ૪૫ દિવસ રદ રહેશે.

પુનર્નિયોજિત ટ્રેનો (Rescheduled Trains):

૧. ટ્રેન નંબર ૧૨૯૭૨ (ભાવનગર–બાંદ્રા ટર્મિનસ સુપરફાસ્ટ) તા. ૧૬.૧૨.૨૦૨૫, ૨૩.૧૨.૨૦૨૫, ૩૦.૧૨.૨૦૨૫, ૦૬.૦૧.૨૦૨૬, ૧૩.૦૧.૨૦૨૬ અને ૨૦.૦૧.૨૦૨૬, એટલે કે દરેક મંગળવારે ૨ કલાક ૩૦ મિનિટના વિલંબથી ચાલશે.

૨. ટ્રેન નંબર ૧૯૨૭૧ (ભાવનગર–હરિદ્વાર એક્સપ્રેસ) તા. ૧૮.૧૨.૨૦૨૫, ૨૫.૧૨.૨૦૨૫, ૦૧.૦૧.૨૦૨૬, ૦૮.૦૧.૨૦૨૬, ૧૫.૦૧.૨૦૨૬ અને ૨૨.૦૧.૨૦૨૬, એટલે કે દરેક ગુરુવારે ૩ કલાકના વિલંબથી ચાલશે.

૩. ટ્રેન નંબર ૨૦૯૬૬ (ભાવનગર–ગાંધીગ્રામ સુપરફાસ્ટ ઈન્ટરસિટી) તા. ૧૪.૧૨.૨૦૨૫, ૧૮.૧૨.૨૦૨૫, ૨૧.૧૨.૨૦૨૫, ૨૫.૧૨.૨૦૨૫, ૨૮.૧૨.૨૦૨૫, ૦૧.૦૧.૨૦૨૬, ૦૪.૦૧.૨૦૨૬, ૦૮.૦૧.૨૦૨૬, ૧૧.૦૧.૨૦૨૬, ૧૫.૦૧.૨૦૨૬, ૧૮.૦૧.૨૦૨૬, ૨૨.૦૧.૨૦૨૬ અને ૨૫.૦૧.૨૦૨૬, એટલે કે દરેક રવિવાર અને ગુરુવારે ૩૦ મિનિટના વિલંબથી ચાલશે.

૪. ટ્રેન નંબર ૫૯૫૫૮ (ભાવનગર–વેરાવળ પેસેન્જર) તા. ૧૩.૧૨.૨૦૨૫, ૨૦.૧૨.૨૦૨૫, ૨૭.૧૨.૨૦૨૫, ૦૩.૦૧.૨૦૨૬, ૧૦.૦૧.૨૦૨૬, ૧૭.૦૧.૨૦૨૬ અને ૨૪.૦૧.૨૦૨૬, એટલે કે દરેક શનિવારે તેના નિર્ધારિત સમય કરતાં ૩ કલાક વિલંબથી ચાલશે.

શોર્ટ ટર્મિનેશન/ઓરિજિનેશન (Short Termination/ Origination):

૧. ટ્રેન નંબર ૧૯૨૦૯ (ભાવનગર–ઓખા એક્સપ્રેસ) તા. ૧૩.૧૨.૨૦૨૫ થી ૨૫.૦૧.૨૦૨૬ સુધી દરેક મંગળવાર, બુધવાર, શનિવાર અને રવિવારે રાજકોટ સ્ટેશન પર શોર્ટ ટર્મિનેટ થશે (અઠવાડિયામાં ૪ દિવસ). એટલે કે આ ટ્રેન અઠવાડિયામાં ત્રણ દિવસ સોમવાર, ગુરુવાર અને શુક્રવારે ભાવનગર ટર્મિનસથી ઓખા સુધી જશે, જ્યારે બાકીના દિવસોમાં (મંગળવાર, બુધવાર, શનિવાર અને રવિવારે) ભાવનગરથી રાજકોટ સુધી જશે.

૨. ટ્રેન નંબર ૧૯૨૧૦ (ઓખા–ભાવનગર એક્સપ્રેસ) તા. ૧૪.૧૨.૨૦૨૫ થી ૨૬.૦૧.૨૦૨૬ સુધી દરેક રવિવાર, સોમવાર, બુધવાર અને ગુરુવારે રાજકોટ સ્ટેશન પરથી શોર્ટ ઓરિજિનેટ થશે (અઠવાડિયામાં ૪ દિવસ). આ ટ્રેન આ દિવસોમાં રાજકોટથી પ્રસ્થાન કરીને ભાવનગર સુધી જશે. બાકીના ત્રણ દિવસ મંગળવાર, શુક્રવાર અને શનિવારે આ ટ્રેન પોતાના નિર્ધારિત સમય અનુસાર ઓખાથી ચલાવવામાં આવશે. ઉલ્લેખનીય છે કે ઉપર દર્શાવેલી કોઈપણ ટ્રેનના સમયપત્રકમાં ફેરફાર કરવામાં આવ્યો નથી. આ બંને ટ્રેનો પોતાના નિર્ધારિત સમય અનુસાર જ ચાલશે. ઉપરોક્ત તમામ ફેરફારો ૪૫ દિવસ સુધી અથવા પિટ લાઈન નંબર–૨ સંપૂર્ણ રૂપે કાર્યરત થાય ત્યાં સુધી લાગુ રહેશે. જનતાને વિવિધ માધ્યમો દ્વારા તેની વ્યાપક માહિતી આપવામાં આવી રહી છે. મુસાફરોને વિનંતી છે કે અસુવિધાથી બચવા માટે મુસાફરી પહેલાં સંબંધિત સ્ટેશન અથવા રેલવેની અધિકૃત વેબસાઈટ www.enquiry.indianrail.gov.in પરથી તાજી માહિતી મેળવો.

---

શ્રીલંકામાં દેવદૂત બની ભારતીય સેના

## ફિલ્ડ હોસ્પિટલ બનાવી ૧૨૫૦ ઈજાગ્રસ્તોની સારવાર કરી

(સંપૂર્ણ સમાચાર સેવા)કોલંબો

વિનાશક વાવાઝોડા દિતવાહથી પ્રભાવિત થયેલા શ્રીલંકામાં ભારતીય સેના માનવીય સહાય પૂરી પાડી રહી છે. વાવાઝોડાને કારણે શ્રીલંકામાં ભારે જાનમાલનું નુકસાન થયું હતું, રસ્તાઓ ધોવાઈ ગયા હતા અને અનેક ઘરોમાં પાણી ભરાયા હતા. આ સ્થિતિમાં સેંકડો લોકોને તાત્કાલિક તબીબી સહાયની જરૂર હતી. જેમાં ભારતીય સેનાની મેડિકલ ટીમ દ્વારા સ્થાપિત ફિલ્ડ હોસ્પિટલે અત્યાર સુધીમાં ૧૨૫૦થી વધુ અસરગ્રસ્ત નાગરિકોની સારવાર કરી છે, જેમાં પાંચ મોટી ઈમરજન્સી સર્જરી પણ સામેલ છે.

ભારતીય સેનાની ૭૩ સભ્યોની તબીબી ટીમ ૨ ડિસેમ્બરે શ્રીલંકા પહોંચી હતી. ત્યારબાદ ૫ ડિસેમ્બરથી મહિયંગનાયામાં એક સંપૂર્ણ રીતે કાર્યરત ફિલ્ડ હોસ્પિટલની સ્થાપના કરવામાં આવી. આ હોસ્પિટલમાં ડોકટરો, નર્સીસ અને અનેક ક્વિક રિસ્પોન્સ ટીમ તૈનાત છે. તેમજ હોસ્પિટલમાં ઓપીડી સેવાઓ, ઈમરજન્સીની સારવાર, નાની સર્જરી, ઈજાઓ, ચેપ અને આપત્તિથી ઊભી થયેલી સ્વાસ્થ્ય સમસ્યાઓનો ઉપચાર કરવામાં આવી રહ્યો છે.

સેના દ્વારા જણાવ્યા અનુસાર, આ હોસ્પિટલને વાયુસેનાના C-17 MCC વિમાન દ્વારા એરલિફ્ટ કરવામાં આવી હતી. ભારતીય સેનાના આ તબીબી દળમાં ઘાયલ વ્યક્તિઓ માટે એડવાન્સ્ડ ડ્રેસિંગ સ્ટેશન અને મોબાઈલ સર્જિકલ ટીમોનો સમાવેશ થાય છે.

તેમની પાસે પૂર્ણ સુસજ્જ ઓપરેશન થિયેટર છે, જે મોટી અને નાની બંને પ્રકારની સર્જરી કરવા સક્ષમ છે. ઉપરાંત, અહીં એક સમયે ૨૦થી ૩૦ દર્દીઓને દાખલ કરીને સારવાર આપવાની સુવિધા છે.

રાહત અભિયાનોને ગતિ આપવા અને અસરગ્રસ્ત વિસ્તારોમાં સંપર્ક પુનઃસ્થાપિત કરવા માટે ભારતે શ્રીલંકાને ત્રણ બેઈલી બ્રિજ પણ ઉપલબ્ધ કરાવ્યા છે. શ્રીલંકાઈ વહીવટીતંત્ર સાથે સંકલન કરીને આ પુલોના નિર્માણ માટે યોગ્ય સ્થળોની ઓળખ કરવામાં આવી છે, જે રસ્તાના મહત્ત્વપૂર્ણ સંપર્કને પુનઃસ્થાપિત કરવામાં ઝડપ લાવશે.

ભારતીય થલસેના દ્વારા મોકલાયેલું આ વિશેષ દળ મુખ્યત્વે ચિકિત્સા, એન્જિનિયરિંગ અને સિગ્નલ્સ સંબંધિત નિષ્ણાત એકમોનું બનેલું છે, જેનો ઉદ્દેશ્ય તાત્કાલિક રાહત અને પુનર્વસન કાર્યોને વેગ આપવાનો છે.

શ્રીલંકા સેનાના કમાન્ડર લેફ્ટનન્ટ જનરલ લસન્થા રોડ્રિગોએ મહિયંગનાયામાં સ્થાપિત ભારતીય ફિલ્ડ હોસ્પિટલની મુલાકાત લીધી હતી અને ભારતીય તબીબી દળ સાથે વાતચીત કરી હતી.

તેમણે ભારત સરકાર અને ભારતીય સેનાના ઝડપી સહાયતા પ્રયાસોની પ્રશંસા કરતાં કહ્યું કે, ભારતની તીવ્ર અને સમયબદ્ધ મદદથી હજારો લોકો સુધી મહત્ત્વપૂર્ણ તબીબી સહાય પહોંચી છે. અમે ભારતના આ સહયોગ માટે આભારી છીએ. ભારતીય સેનાએ જણાવ્યું છે કે, તેમની ફિલ્ડ હોસ્પિટલ આગામી દિવસોમાં પણ અસરગ્રસ્ત સમુદાયોને જરૂરી તબીબી સહાય પૂરી પાડતી રહેશે. દિતવાહ વાવાઝોડા બાદનું ભારતીય સેનાનું આ યોગદાન બંને દેશો વચ્ચેની ઐતિહાસિક મિત્રતા અને માનવીય સહયોગને મજબૂત કરી રહ્યું છે.

---

સસ્તી ટિકિટ અને ફ્રી સીટ અપગ્રેડ પણ...

## એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસે મહત્વના પગલાં જાહેર કર્યા

(સંપૂર્ણ સમાચાર સેવા)નવી દિલ્હી

દેશભરમાં ઈન્ડિગોની અસંખ્ય ફ્લાઈટ્સ રદ થવાથી મુસાફરીમાં ભારે વિક્ષેપ પડ્યો છે. આ પરિસ્થિતિના પ્રતિભાવમાં, એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસે ફસાયેલા મુસાફરોને મદદ કરવા માટે ઘણા મહત્વપૂર્ણ પગલાં જાહેર કર્યા છે. એરલાઈન્સે જણાવ્યું હતું કે તેમનો ધ્યેય મુસાફરોને તેમના ગંતવ્ય સ્થાનો સુધી પહોંચાડવાનો અને અચાનક ભાડા વધારાના ભારણને હળવો કરવાનો છે.

એર ઈન્ડિયાએ જણાવ્યું હતું કે ઈકોનોમી ક્લાસ ડોમેસ્ટિક નોન-સ્ટોપ ફ્લાઈટ્સ પર ૪ ડિસેમ્બરથી એક નિશ્ચિત ભાડા મર્યાદા લાગુ કરવામાં આવી છે. ઓટોમેટેડ પ્રાઈસિંગ સિસ્ટમને કારણે માંગમાં અચાનક વધારાને કારણે ટિકિટના ભાવ આસમાને જતા અટકાવવા માટે આ નિર્ણય લેવામાં આવ્યો હતો. વધુમાં, એર ઈન્ડિયા અને અન્ય એરલાઈન્સ ૬ ડિસેમ્બરના રોજ નાગરિક ઉડ્ડયન મંત્રાલય દ્વારા જારી કરાયેલા નવા ભાડા નિયમોનું પાલન કરી રહી છે. ફસાયેલા મુસાફરોને રાહત આપવા માટે, એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસે ટિકિટ રિશેડ્યુલિંગ અને રદ કરવા માટે ફી પર નોંધપાત્ર ડિસ્કાઉન્ટ ઓફર કરી છે. ૧૫ ડિસેમ્બર સુધી મુસાફરી માટે ૪ ડિસેમ્બર સુધી કોઈપણ એરલાઈન પર ટિકિટ બુક કરાવનારા મુસાફરો રિશેડ્યુલિંગ ફી વિના તેમની મુસાફરીની તારીખો બદલી શકે છે. તેઓ તેમની ટિકિટો રદ પણ કરી શકે છે અને કોઈપણ રદ કરવાના ચાર્જ વિના સંપૂર્ણ રિફંડ મેળવી શકે છે. આ સુવિધા એક વખતનો વિકલ્પ છે અને ૮ ડિસેમ્બર સુધીમાં કરવામાં આવેલા ફેરફારો અથવા રદ કરવા પર જ લાગુ પડશે. જો નવું ભાડું અગાઉના ભાડા કરતા વધારે હશે, તો મુસાફરોએ ફક્ત ભાડાનો તફાવત ચૂકવવાનો રહેશે.

એર ઈન્ડિયાએ ઝડપથી વધી રહેલા કોલ અને ફરિયાદોને પહોંચી વળવા માટે તેના ગ્રાહક સેવા કેન્દ્રો પર વધારાનો સ્ટાફ અને તકનીકી સંસાધનો તૈનાત કર્યા છે. મુસાફરો એરલાઈનના ૨૪૨૭ કોલ સેન્ટર દ્વારા અથવા કોઈપણ ટ્રાવેલ એજન્ટ દ્વારા તેમના બુકિંગમાં ફેરફાર અથવા રદ કરી શકે છે. પરિસ્થિતિને હળવી કરવા માટે, એર ઈન્ડિયા અને એર ઈન્ડિયા એક્સપ્રેસે કેટલાક મુખ્ય રૂટ પર વધારાની ફ્લાઈટ્સ શરૂ કરી છે અને હાલની ફ્લાઈટ્સ પર વધુ બેઠકો ઉપલબ્ધ કરાવી છે. વધુમાં, મુસાફરોને શક્ય તેટલી ઝડપથી તેમના ગંતવ્ય સ્થાન પર પહોંચાડવા અને તેમનો સામાન પહોંચે તે સુનિશ્ચિત કરવાના પ્રયાસો કરવામાં આવી રહ્યા છે.

ગરવી ગુજરાત

ગરવી ગુજરાત

- એક શુભેચ્છક

RNI No. GUJGUJ/2008/26148 Printed, Published & Owned by AJAYKUMAR RAMANLAL PRAJAPATI and Printed By (1) JIGNESH RASHIKBHAI GAJJAR at Vansh Corporation, A/8, Shayona Golden Estate, Shahibag, Ahmedabad - 380 004 (2) DESAI RAHUL MAHESHBHAI at Bhavani Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002. (3) HADIK MAHESHBHAI DESAI at Bhoomi Offset, "Bhatiya Ni Wadi, Opp Kalupur Railway Station, Kalupur, Ahmedabad-380 002 and Published from TF-01, Nanakram Super Market, Ramnagar, Sabarmati, Ahmedabad - 380 005. Editor : AJAYKUMAR RAMANLAL PRAJAPATI

### અમદાવાદને અનેકવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ ધરતા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહ

# મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં રૂ.૫૨૫ કરોડના ૨૮ પ્રજાલક્ષી કાર્યોનું લોકાર્પણ અને રૂ.૯૮૨ કરોડના ૩૦ વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત કરાયું

## અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂ.૧૫૦૭ કરોડના વિવિધ પ્રજાલક્ષી વિકાસના પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહૂર્ત સહિત આવાસોના ડ્રો સંપન્ન

ગુજરાતના પ્રવાસે પધારેલા કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે અમદાવાદને અનેકવિધ વિકાસ પ્રકલ્પોની ભેટ ધરી હતી. અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના રૂ.૧૫૦૭ કરોડના વિવિધ પ્રજાલક્ષી વિકાસના પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહૂર્ત પ્રસંગે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ પણ ઉપસ્થિત રહ્યા હતા.

આ પ્રસંગે કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહના હસ્તે દેવનગર ખાતે નિર્માણ પામનાર મીની સ્પોર્ટ્સ કૉમ્પ્લેક્સનું ખાતમુહૂર્ત સહિત વિવિધ વિકાસકાર્યોના લોકાર્પણ/ખાતમુહૂર્ત કરવામાં આવ્યા હતા.

આ પ્રસંગે મુખ્યમંત્રી ગૃહયોજના હેઠળ નિર્માણ પામેલા ૪૬૫ આવાસો અને પ્રધાનમંત્રી આવાસ યોજના હેઠળ નિર્માણ પામેલા ૧૫૭૩ આવાસોનો ડ્રો પણ કરવામાં આવ્યો હતો. આવાસોના લાભાર્થીઓને પ્રતિકાત્મક સ્વરૂપે આવાસની ચાવી કેન્દ્રીય ગૃહ મંત્રીશ્રીના હસ્તે અર્પણ કરવામાં આવી હતી.

ઉપસ્થિત મહાનુભાવોના હસ્તે અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનમાં નવી નિમણૂંક પામેલ ૧૦૨ સહાયક ફાયરમેનને નિમણૂંક પત્ર એનાયત કરાયા હતા.

કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રી અમિતભાઈ શાહે વિવિધ વિકાસ પ્રકલ્પો પ્રજાને અર્પણ કરતા જણાવ્યું હતું કે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ગુજરાતમાં શરૂ કરેલ ખેલ મહાકુંભની યાત્રા આજે દેશમાં ખેલો ઈન્ડિયા થકી આગળ વધી છે. જેના દ્વારા અનેક ખેલાડીઓ તેમના શરીર અને મનને મજબૂત કરી રહ્યા છે. જીતવાનું ઝનૂન અને હારમાં નિરાશ નહિ થવાના સંસ્કાર પણ ખેલકૂદથી મળી રહ્યા છે

શ્રી શાહે ઉમેર્યું હતું કે, અમદાવાદમાં અનેક રમત સંકુલ સહિત આંતરરાષ્ટ્રીય કક્ષાની વ્યસ્થા થઈ છે જેના પગલે ખેલાડીઓ પાંચ કિલોમીટરની અંદર આ સુવિધાનો લાભ લઈ પોતાની પ્રતિભાને ઉજાગર કરી રહ્યા છે, તેમણે જગ્યાના સદઉપયોગ માટે અમદાવાદ શહેરને અભિનંદન આપતા જણાવ્યું હતું કે, શહેરમાં ઓવરબ્રિજની નીચે નાના ખેલ સંકુલો, પુસ્તકાલય, ઓપન જિમ,યોગ સંકુલો બનાવી અનેક શહેરોને અમદાવાદ પ્રેરણા આપી રહ્યું છે. કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિત શાહે જણાવ્યું હતું કે વિશ્વનુ સૌથી મોટા ક્રિકેટ સ્ટેડિયમની બાજુમાં સરદાર પટેલ સ્પોર્ટ્સ એક્લેવ બનવા સાથે સ્પોર્ટ્સ ક્ષેત્રે અનેક સુવિધાઓ થકી કોમનવેલ્થ ૨૦૩૦ની યજમાની અમદાવાદને મળી છે, સાથે આગામી ૨૦૨૯માં દુનિયાભરના પોલીસ અને ફાયર બ્રિગેડ જવાનોની રમત અને ૧૩ જેટલી આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ સાથે ૨૦૩૬ ઓલમ્પિક માટે અમદાવાદે તૈયારી કરી છે. આ સાથે સમગ્ર વિશ્વના નકશામાં અમદાવાદ ખેલક્ષેત્રે અગ્રિમ સ્થાન પર અંકિત થઈ રહ્યું છે.

૧૫૦૦ કરોડથી વધુ વિકાસના કામો માટે રાજ્યના મુખ્યમંત્રી સહિત સરકારનો આભાર માનતા શ્રી શાહે જણાવ્યું હતું કે, આ કામો વિકાસના બજેટમાં ઉમેરાવાના છે, વિકાસનો કોઈ આયામ છુટી ન જાય તેની કાળજી રાખી નરેન્દ્રભાઈ મોદીએ શરૂ કરેલ વિકાસ યાત્રા મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ આગળ ધપાવી રહ્યા છે.

શ્રી અમિતભાઈ શાહે ઉમેર્યું હતું કે, નરેન્દ્રભાઇ મોદીના નેતૃત્વમાં દેશમાં દરેક ક્ષેત્રે વિકાસ થઈ રહ્યો છે, દેશને મહાન બનાવવના સંકલ્પ સાથે સરકાર કામ કરી રહી છે ત્યારે નેતા અને નિતી વગરનાઓને દેશની જનતા કોઈ પણ ખૂણામાં સ્થાન આપી નથી રહી જે સરકાર પ્રત્યે જનતાની વિશ્વસનીયતા બતાવે છે.

તેમણે અયોધ્યા રામ મંદિર નિર્માણ અંગે જણાવ્યું હતું કે વર્ષ ૨૦૧૯માં ભૂમિપૂજન, ૨૦૨૪માં પ્રાણ પ્રતિષ્ઠા અને ૨૦૨૫માં ધ્વજ લહેરાવી ગૌરવપુર્ણ કાર્ય દેશના પ્રધાનમમંત્રીશ્રીના નેતૃત્વમાં થયું છે, સાથે સીતા માતાનો જન્મ થયો તે સ્થળે પણ ભૂમિપૂજન કરી આ યાત્રાને આગળ ધપાવવાનું કામ થઈ રહ્યું છે

શ્રી શાહે દેશમાં સુરક્ષા,અર્થતંત્ર, માળખાકીય સુવિધાઓ, સિંચાઈની સુવિધામાં વધારો, અનાજના ઉત્પાદનમાં વધારો, એમએસપી ખરીદીમાં વધારો જેવા અનેક આયામો થકી દેશની પ્રતિષ્ઠા દેશના પ્રધાનમંત્રીશ્રીના નેતૃત્વમાં દુનિયાભરમાં વધી રહી છે તેમ જણાવ્યું હતું

ગુજરાતના વિવિધ વિકાસ માઈલસ્ટોન વિશે વાત કરતા શ્રી અમિતભાઈ શાહે જણાવ્યું હતું કે વિશ્વનો સૌથી મોટો રિન્યુએબલ એનર્જી પાર્ક ગુજરાતમાં સાકાર થવા જઈ રહ્યો છે. એશિયાનું સૌથી મોટું ગ્રીનફિલ્ડ સીટી ધોલેરા ગુજરાતમાં નિર્માણ પામી રહ્યું છે. ભારતનો સૌથી લાંબો એક્સપ્રેસ હાઈવે સુરત-ચેન્નઈ હાઇવે ગુજરાતમાંથી પસાર થઈ રહ્યો છે. દેશની સૌથી પહેલી ફાઈનાન્સ ટેક્સ સિટી ગિફ્ટ સિટી ગુજરાતમાં નિર્માણ પામી છે. પહેલી બુલેટ ટ્રેન અમદાવાદ મુંબઈ વચ્ચે શરૂ થવાની છે તથા પહેલી નમો રેપીડ રેલ ભુજથી અમદાવાદ વચ્ચે શરૂ થઈ છે.

શ્રી શાહે જણાવ્યું હતું કે દેશ આગળ વધી રહ્યો છે ત્યારે ગાંધીનગર લોકસભાને હરીયાળી લોકસભા બનાવવા માટે આપણે સૌએ કમર કસવી પડશે, તે માટે દરેકે ૦૫ થી ૫૦ વૃક્ષોનો સંકલ્પ લઈ તેનું જતન કરવા પણ તેમણે અનુરોધ કર્યો હતો. કેન્દ્રિય ગૃહમંત્રીશ્રીએ સશસ્ત્ર સેના ધ્વજ દિવસે સેનાના અપ્રિતમ સાહસ, શૌર્ય અને તેમના બલિદાનને બિરદાવી તેમને હદયપૂર્વક શ્રધ્ધાંજલી પાઠવી હતી

સશસ્ત્ર સેના ધ્વજ દિવસ નિમિત્તે દેશસેવા અને સરહદોની સુરક્ષા કરતા સૌ જવાનોના ત્યાગ, તપસ્યા અને બલિદાનનું સ્મરણ કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે સૈનિક કલ્યાણના અનેક કામોથી જવાનોનું ગૌરવ કર્યું છે. દેશની સરહદની સાથે આંતરિક સુરક્ષા અને સલામતીનું પણ ધ્યાન રાખવામાં આવ્યું છે. તેમના નેતૃત્વમાં દેશમાં વિકાસની રાજનીતિનો નવો યુગ શરૂ થયો છે અને તેમાં પણ ગુજરાત વિકાસના રોલ મોડલ તરીકે અગ્રેસર રહ્યું છે. ગુજરાત વિકાસની આ વણથંભી યાત્રામાં સતત નવા આયામો સર કરી રહ્યું છે એમ તેમણે ઉમેર્યું હતું.

કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહે ગાંધીનગર લોકસભા મતવિસ્તારમાં સતત વિકાસકાર્યોની ભેટ આપી છે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે તેમણે અમદાવાદની વિકાસયાત્રાને નવું બળ આપ્યું છે અને એ જ દિશામાં આજે વધુ એક વખત તેઓ રૂ.૧૫૦૭ કરોડના પ્રજાલક્ષી કામોની ભેટ આપી રહ્યા છે.

શ્રી અમિતભાઈએ પોતાના સંસદીય મતક્ષેત્રને દેશનું સૌથી વધુ વિકસિત સંસદીય ક્ષેત્ર બનાવવાની નેમ રાખી છે. જેને સાકાર કરવા માટે ગાંધીનગર લોકસભા મત વિસ્તારમાં પાછલા વર્ષોમાં રૂા.૨૨૫૫૧ કરોડથી વધુના વિકાસ કામો આ વિસ્તારમાં થયા છે. આવાસ, ડ્રેનેજ, સ્ટોર્મ વોટર લાઈન, રોડ રસ્તા, પાણી, ડ્રેનેજ સહિતના ઈન્ફ્રાસ્ટ્રક્ચરના કામોને લીધે શહેરની સુવિધામાં વધારો થયો છે એમ તેમણે ઉમેર્યું હતું.

શહેરી વિકાસ વિશે વધુમાં વાત કરતા મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે ઈન્ફ્રાસ્ટ્રક્ચરની સાથે નાગરિકોના ઈઝ ઓફ લિવિંગમાં વધારો થાય તે માટે લેક ડેવલપમેન્ટ, બાગ બગીચાઓનો વિકાસ, લાઈબ્રેરી, રમત ગમત સંકુલ પણ ઉભા કરવામાં આવ્યા છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું સપનું છે કે દેશના દરેક નાગરિકના માથે પાકી છત હોય, દરેકનું ઘરનું ઘર હોય. આ માટે તેમણે દેશમાં પ્રધાનમંત્રી આવાસ યોજના શરૂ કરાવી છે. પ્રધાનમંત્રી આવાસ યોજના (શહેરી) હેઠળ ગુજરાતમાં ૧૩ લાખથી વધુ આવાસો બન્યા છે. આ આવાસો માત્ર ઈંટ પથ્થરના મકાનો જ નથી, પણ પૂરતી સુવિધાયુક્ત ઘરો છે એમ મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

કાર્યક્રમ અંતર્ગત લોકાર્પણ અને ખાતમુહૂર્ત થનાર આવાસો વિશે જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું કે શ્રી અમિતભાઈએ હંમેશા લોંગ ટર્મ અને સસ્ટેનેબલ ડેવલપમેન્ટ પર ભાર મૂક્યો છે. તેમના સક્રિય પ્રયાસોના પરિણામે ગાંધીનગર લોકસભા મતવિસ્તાર હરિયાળો મતવિસ્તાર બન્યો છે. શહેરી વિસ્તાર જ ૮% જેટલું ગ્રીન કવર વધ્યું છે. મિયાવાકી પદ્ધતિથી અર્બન ફોરેસ્ટ નિર્માણ કરવામાં આવ્યું છે.

૨૮ લાખ જેટલા વૃક્ષો વાવીને ગ્રીન કવર વધારવામાં આવ્યું છે. વૃક્ષારોપણ, તળાવોનું પુનઃનિર્માણ, ઓક્સિજન પાર્ક સહિતની એક આખી પર્યાવરણ ફ્રેન્ડલી ઈકોસિસ્ટમ ઉભી થઈ છે.




વડાપ્રધાનશ્રીના નેતૃત્વમાં દેશનો અમૃતકાળ ચાલે છે ત્યારે વડાપ્રધાનશ્રી અને કેન્દ્રીય ગૃહમંત્રીના સફળ પ્રયાસોના પરિણામે અમૃતકાળમાં અમદાવાદને કોમનવેલ્થ ગેમ્સ ૨૦૩૦ની યજમાની પ્રાપ્ત થઈ છે એમ જણાવીને મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે કોમનવેલ્થ ગેમ્સના લીધે અમદાવાદ શહેરમાં વિકાસની ગતિ બમણી થશે. આવનાર દિવસોમાં વિશ્વ કક્ષાના અનેક નવા પ્રકલ્પો સાકાર થશે અને અમદાવાદ દેશના સ્પોર્ટસ કેપિટલ તરીકે પ્રસ્થાપિત થશે એવો વિશ્વાસ મુખ્યમંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો.

શહેરના મેયર શ્રી પ્રતિભાબહેન જૈને સ્વાગત પ્રવચન કરતા સૌને વિકાસ પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહૂર્ત કાર્યક્રમમાં આવકાર્યા હતા. તેમણે અમદાવાદને ક્લિનેસ્ટ સિટી તરીકેનું બહુમાન મળવા પર અને કોમનવેલ્થ ગેમ્સની યજમાની માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહ મંત્રી શ્રી અમિતભાઈ શાહનો આભાર વ્યક્ત કર્યો હતો. મેયરશ્રીએ લોકાર્પણ/ખાતમુહૂર્ત કરાયેલા વિવિધ વિકાસ પ્રકલ્પો વિશે વાત કરી હતી અને આવા પ્રજાલક્ષી વિકાસકાર્યોની ભેટ આપવા બદલ કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહનો આભાર વ્યક્ત કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે, કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહે અમદાવાદના થલેતજ ખાતે ૮૮૧ ઈઉજી આવાસો- તુલસી રેસીડેન્સીનું નામાભિધાન તેમજ લોકાર્પણ કર્યું હતું. આ ઉપરાંત, સાઉથ બોપલમાં ઈલેક્ટોથર્મ ગાર્ડનનું લોકાર્પણ, સરખેજ ગામ ખાતે શ્રી ક્ષેત્ર સરોવરનું લોકાર્પણ, વસ્ત્રાપુર ખાતે ભક્તકવિ નરસિંહ મહેતા સરોવર- વસ્ત્રાપુર તળાવ જેને રિડેલવપ કરવામાં આવ્યું છે, તેનું પણ લોકાર્પણ કર્યું હતું.

વધુમાં કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રીશ્રીએ મેમનનગર ખાતે નારાયણરાવ ભંડારી ઓપન પાર્ટી પ્લોટનું લોકાર્પણ, નવા વાડજ – નટના છાપરા ખાતે રીહેબિલીટેશન કરવામાં આવેલા ૩૫૦ આવાસોનું લોકાર્પણ તેમજ ગોતા ખાતે મીની સ્પોટ્સ કોમ્પલેક્ષનું ખાતમુહૂર્ત કર્યું હતું. સાથે તેમણે રાણીપ રેલ્વે ઓવરબ્રિજ પાસે આવેલા રમતગમતપ્રવૃતિ સંકુલ અને ન્યુ રાણીપમાં આવેલા જીન્મેશિયમ અને વાંચનલાયની મુલાકાત પણ કરી હતી.

વિવિધ વિકાસના પ્રકલ્પોના લોકાર્પણ/ખાતમુહૂર્ત પ્રસંગે અમદાવાદના મેયર શ્રી પ્રતિભાબેન જૈન, નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈ, ઉર્જા અને પ્રેટ્રોકેમિકલ્સ મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલ, રાજયકક્ષાના મંત્રીશ્રી દર્શનાબેન વાઘેલા, રાજ્યસભાના સાંસદશ્રી નરહરિ અમીન, અમદાવાદ પૂર્વ અને પશ્ચિમના સાંસદશ્રીઓ શ્રી હસમુખભાઈ પટેલ અને શ્રી દિનેશભાઈ મકવાણા, અગ્રણી શ્રી પ્રેરકભાઈ શાહ, અમદાવાદ શહેરના ધારાસભ્યશ્રીઓ, મ્યુનિસિપલ કમિશનર શ્રી બંછાનિધિ પાની, કાઉન્સિલરશ્રીઓ, ડેપ્યુટી મેયરશ્રી, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેનશ્રી, શાસકપક્ષના નેતાશ્રી, દંડકશ્રી, વિવિધ કમિટીના ચેરમેનશ્રીઓ તેમજ અમદાવાદ મ્યુનિસપિલ કોર્પોરેશનના અધિકારીશ્રીઓ, પદાધિકારીશ્રીઓ અને મોટીસંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા.

## હવે ખાનગી સર્વેયરોને નોંધણીનુ પ્રમાણપત્ર ઈસ્યુ કરવાની સત્તા જિલ્લા કલેકટરોને સોંપવામાં આવી

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાત સરકારના મહેસુલ વિભાગે જમીનો / મિલ્કતોની માપણીને લગતા વહિવટી માળખામાં એક ખુબ જ મોટો મહત્વપૂર્ણ ફેરફાર કર્યો છે. મહેસુલ વિભાગ દ્વારા તાજેતરમાં એક ઠરાવ બહાર પાડીને એવો નિર્ણય લેવાયો છે કે હવેથી ખાનગી સર્વેયરોને નોંધણી પ્રમાણપત્ર ઈસ્યુ કરવાની સત્તા જે અગાઉ સેટલમેન્ટ કમિશ્નર અને જમીન દફતર નિયામક પાસે હતી તે સત્તા હવે જિલ્લા કલેકટરોને સોંપી દેવામાં આવી છે. આ નિર્ણય સાથે જ કલેકટરો દ્વારા ખાનગી સર્વેયરોની નોંધણીની સંપૂર્ણ કાર્ય પધ્ધતિ પણ નકકી કરવામાં આવશે. આ વહિવટી ફેરફાર પાછળનો મુખ્ય ઉદ્દેશ જમીન દફતર ખાતાના કામકાજના વ્યાપને અસરકારક રીતે પહોચી વળવાનો છે. જમીન મહેસુલ અધિનિયમની જોગવાઈઓ હેઠળ રી સરવે, રીવીઝન સરવે, હેતુ ફેરની માણીઓ, ટાઉન પ્લાનીંગ સ્કીમની માપણીઓ સહિત વિવિધ પ્રકારની માપણીની કામગીરીનુ ભારણ વધ્યુ છે. આ કામગીરીને ઝડપથી અને સમયસર પુર્ણ કરવા માટે જમીન દફતર ખાતા દ્વારા વર્ષ ૨૦૦૮ થી નોંધણી પામેલા ખાનગી સર્વેયરો / એજન્સીઓની મદદ લેવાની પ્રથા અમલમાં છે. સત્તાના આ વિકેન્દ્રીકરણથી હવે જિલ્લા સ્તરે જ ખાનગી સર્વેયરોની નોંધણીની કામગીરી પૂર્ણ થઈ શકશે. આનાથી નોંધણીની પ્રક્રિયામાં સરળતા આવશે અને જમીન માપણી સંબંધીત કામોમાં



વધુ ઝડપ આપવવાની શકયતા છે. કલેકટરને આ સત્તા સોંપાતા, જિલ્લા પ્રશાસન સ્થાનિક જરૂરીયાતો મુજબ ખાનગી સર્વેયર સેવાઓની ગુણવત્તા અને ઉપલબ્ધતાનુ વધુ સારી રીતે સંચાલન કરી શકશે. જેનાથી જમીન માપણી કરાવવા માંગતા નાગરીકોને સીધો ફાયદો થશે.

## માનનીય સાંસદ શ્રી મિતેષભાઈ પટેલે અને માનનીય મંત્રી શ્રી રમણભાઈ સોલંકી હરી ઝંડી બતાવીને વાસદ – કઠાણા ખંડ પર ડેમૂ સેવાની શરૂઆત કરી

આણંદના માનનીય સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ, ગુજરાત સરકારના માનનીય ખાદ્ય વિભાગ, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી તથા ઉપસ્થિત અન્ય જનપ્રતિનિધિઓ દ્વારા આજે, ૭ ડિસેમ્બર, ૨૦૨૫ના રોજ કઠાણા ખાતે આયોજિત સમારોહમાં કઠાણાથી ડેમૂને લીલી ઝંડી બતાવીને વાસદ–કઠાણા ખંડ પર આ સેવાનું પુનઃપ્રારંભ કરવામાં આવ્યું. આ અવસરે વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકે તથા મંડળના વરિષ્ઠ અધિકારીઓ, પ્રેસ અને ઈલેક્ટ્રોનિક મીડિયા પ્રતિનિધિઓ તેમજ વિસ્તારની જનતા ઉપસ્થિત રહી. પ્રારંભિક સેવા તરીકે આ ડેમૂ ટ્રેન કઠાણા થી વાસદ વચ્ચે પરિચાલિત કરવામાં આવી. ૮ ડિસેમ્બર, ૨૦૨૫થી આ ડેમૂ પોતાની નિયમિત સેવા રૂપે કઠાણા અને વડોદરા વચ્ચે ચાલશે. માનનીય જનપ્રતિનિધિઓએ ડેમૂ સેવામાં સફર પણ કર્યો.



આણંદના માનનીય સાંસદ શ્રી મિતેષભાઈ પટેલે વર્ષો પછી જનમાનસની માંગ પર આ સેવા ફરી શરૂ થતા આનંદ વ્યક્ત કર્યો. શ્રી પટેલે કઠાણા ના રહેવાસીઓને અભિનંદન આપતાં જણાવ્યું કે આ ટ્રેન શરૂ થવાથી સ્થાનિક લોકોને ખૂબ સુવિધા મળશે. તેમણે માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીનો આભાર વ્યક્ત કર્યો કે પોતાના વ્યસ્ત જીવનમાં પણ તેઓ રાષ્ટ્રની જનતાની ચિંતા રાખે છે અને ગુજરાતમાં આવેલી ગંભીર પૂરની સ્થિતિ બાદ તેમણે ગુજરાત સરકાર અને રેલમંત્રીજી ની સાથે મળીને જનતાની મુશ્કેલીઓ દૂર કરવા યોજના બનાવી.

તેમણે માનનીય રેલ મંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવજીનો પણ આભાર માન્યો. તેમના માર્ગદર્શન હેઠળ આ સ્વપ્ન સાકાર થયું. તેમણે વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકાના સકારાત્મક સહકારનો પણ આભાર વ્યક્ત કર્યો. તેમણે મંડળ રેલ પ્રબંધકને ટ્રેનોના સ્ટોપેજ વધારવા અને આ રૂટ પર ભવિષ્યમાં ઈલેક્ટ્રિક ટ્રેન શરૂ કરવાની માંગ કરી.

ગુજરાત સરકારના માનનીય ખાદ્ય વિભાગ, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી શ્રી રમણભાઈ સોલંકીએ જનતાને સંબોધતાં જણાવ્યું કે આ ટ્રેનને કોરોના સમયગાળા પછી ફરી શરૂ કરવાની માંગ સોશિયલ મીડિયા પર પણ જોરશોરથી ચાલી રહી હતી. આજે જનતાનું સ્વપ્ન સાકાર થયું છે અને કોરોના કાળ બાદ આ રેલખંડ પર ફરીથી આ ડેમૂ ટ્રેન શરૂ થઈ રહી છે.

તેમણે માનનીય રેલમંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવનો વિશેષ આભાર વ્યક્ત કર્યો કે જેમના ખાસ પ્રયાસોથી આ ટ્રેન કઠાણા તથા આસપાસના વિસ્તારોના રોજગાર અને શિક્ષણ માટે વડોદરા જતાં યુવાનો અને આસ પાસ ના ગામજનોને આ ટ્રેનને ફરી શરૂ કરતા ખુબ લાભ મળશે. તેમણે લોકોને આ ટ્રેનનો વધુમાં વધુ ઉપયોગ કરી સહયોગ આપવા વિનંતી કરી, જેથી વધતી માંગ ને જોઈને કોચોની સંખ્યા પણ વધારી શકાય અને વધુમાં વધુ લોકોને આ સુવિધાનો લાભ મળી શકે.

કાર્યક્રમની શરૂઆતમાં વડોદરા મંડળના મંડળ રેલ પ્રબંધક શ્રી રાજુ ભડકેએ મુખ્ય અતિથિ, માનનીય જનપ્રતિનિધિઓ અને અન્ય અતિથિઓનું સ્વાગત કર્યું અને સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ દ્વારા રેલ સુવિધાઓ વધારવા માટે કરાતા સતત પ્રયત્નોની પ્રશંસા કરી. તેમણે જણાવ્યું કે કેવી રીતે રેલમંત્રી શ્રી અશ્વિની વૈષ્ણવના માર્ગદર્શન હેઠળ ફક્ત ૪ મહિનામાં આ મુશ્કેલ કાર્ય મંડળના અધિકારીઓ તથા કર્મચારીઓએ સફળતાપૂર્વક પૂર્ણ કર્યું. શ્રી ભડકેએ જણાવ્યું કે હાલ કઠાણા થી વડોદરા વચ્ચે મુસાફરીનો સમય ૪ કલાકનો છે, જેને ભવિષ્યમાં વધુ ઓછો કરવાનો પ્રયાસ થશે. જિલ્લા પંચાયતના સહકારથી સમપાર ફાટકો ના ડાયવર્ઝન આપીને કે તે ફાટકો પર રોડ ઓવર બ્રિજ બનાવીને આને બંધ કરવામાં આવશે. જેથી ટ્રેનની ગતિ વધારવામાં આવે. આનાથી કઠાણા અને વડોદરા વચ્ચે મુસાફરી માત્ર ૨ કલાકમાં પૂર્ણ કરી શકશે અને મુસાફરોનો સમય બચશે.

આણંદ ના સાંસદ શ્રી મિતેષભાઈ પટેલ, ગુજરાત સરકારના માનનીય ખાદ્ય વિભાગ, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી શ્રી રમણભાઈ સોલંકી અને જનપ્રતિનિધિઓએ આ અવસર પર કઠાણા–વાસદ રેલખંડને ફક્ત ૪ મહિનામાં જ તેમની મેહનતથી ટ્રેન પરિચાલન યોગ્ય બનાવનાર વડોદરા મંડળના રેલ પ્રબંધક તથા અધિકારીઓ નું સન્માન કર્યું. તેની નિયમિત સેવા રૂપે ૮ ડિસેમ્બર, ૨૦૨૫થી અઠવાડિયામાં ૬ દિવસ (શનિવાર સિવાય) આ ડેમૂ કઠાણા અને વડોદરા વચ્ચે ચાલશે. ટ્રેન નંબર ૭૯૪૪૦ કઠાણા–વડોદરા ડેમૂ કઠાણેથી સવારે ૫.૧૫ વાગ્યે પ્રસ્થાન કરી સવારે ૯.૨૦ વાગ્યે વડોદરા પહોંચશે. પરતમાં ટ્રેન નંબર ૭૯૪૩૯ વડોદરા–કઠાણા ડેમૂ વડોદરેથી ૧૬.૫૫ વાગ્યે પ્રસ્થાન કરીને રાત્રે ૨૧.૦૦ વાગ્યે કઠાણા પહોંચશે. આ ડેમૂ બંને દિશામાં બોચાસણ, બોરસદ, વાસદ, નંદેસરી, રનોલી અને બાજવા સ્ટેશનો પર રોકાશે.

## નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ ગાંધી આશ્રમની મુલાકાત લઈ રીડેવલપમેન્ટ પ્રોજેક્ટની પ્રગતિ અંગે સમીક્ષા કરી

નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ આજે પુનઃવિકાસ પામનાર ગાંધી આશ્રમની મુલાકાત લઈ સમીક્ષા બેઠક કરી હતી. જેમાં અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા મહાત્મા ગાંધી સાબરમતી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટના અધિકારીશ્રીઓ દ્વારા પુનઃવિકાસ પામનાર ગાંધી આશ્રમના વિવિધ સ્થળોનું પ્રેઝન્ટેશન રજૂ કરાયું હતું. નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ પ્રેઝન્ટેશન નિહાળીને પ્રોજેક્ટ પ્રગતિ અંગે માહિતી મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. ત્યારબાદ



નાયબ મુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવીએ પુનઃવિકાસ પામનાર ગાંધી આશ્રમના વિવિધ સ્થળો જેવા કે દસ ઓરડી, રંગશાળા, સોમનાથ છાત્રાલય, વણાક પરિવાર ચાલી, આશ્રમશાળા, કુટુંબ નિવાસ, જુનુ રસોડું ચીમનભાઈ કુટુંબ નિવાસ, ઈમામ મંજિલ, આનંદ ભવન સંગ્રહાલય, ગૌશાળા, શિક્ષક નિવાસ, ઉદ્યોગ મંદિર, માનવ સાધના, બાલમંદિર તથા મોર્ડન કન્સ્ટ્રક્શનમાં વ્હીકલ પાર્કિંગ, કેફે એરીયા, સોવેનીયર શોપ અને મોહન ટુ મહાત્મા જેવા સ્થળોની મુલાકાત લઈ માહિતી મેળવી હતી અને જરૂરી માર્ગદર્શન પૂરું પાડ્યું હતું. આ સમીક્ષા બેઠકમાં એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ઓફ મહાત્મા ગાંધી આશ્રમ મેમોરિયલ ટ્રસ્ટના ચેરમેન શ્રી આઈ.પી. ગૌતમ, MGSAMT નાં ઓફિસર ઓન સ્પેશયલ ડ્યુટી શ્રી આઈ. કે. પટેલ તથા મેમોરિયમ ટ્રસ્ટના અધિકારીશ્રીઓ, અમદાવાદ મ્યુનિસિપલ કોર્પોરેશનના અધિકારીશ્રીઓ તથા અન્ય વિભાગીય અધિકારીશ્રીઓ ઉપસ્થિત રહ્યા હતા.

## રેલવેની ઈમાનદારીથી મુસાફરોનો વિશ્વાસ મજબૂતઃ વેરાવળ સ્ટેશન પર મહિલા મુસાફરનું કિંમતી પર્સ પરત અપાયું

વેરાવળ રેલવે સ્ટેશન પર ઈમાનદારી, તત્પરતા અને કર્તવ્યનિષ્ઠાનું એક પ્રશંસનીય ઉદાહરણ જોવા મળ્યું છે. તારીખ ૦૭.૧૨.૨૦૨૫ (રવિવાર)ના રોજ ટ્રેન નંબર ૨૨૯૫૭ ગાંધીનગર કેપિટલ–વેરાવળ "સોમનાથ એક્સપ્રેસ"માં મુસાફરી કરી રહેલી મહિલા મુસાફર શ્રીમતી દિશા રૂપારેલિયા (કોચ B3/46)નું પર્સ ટ્રેનમાં રહી ગયું હતું, જેને એક અન્ય મુસાફરે શોધીને વેરાવળ સ્ટેશન પર સ્ટેશન અધિક્ષકના કાર્યાલયમાં જમા કરાવ્યું હતું. ભાવનગર રેલવે મંડળના વરિષ્ઠ મંડળ વાણિજ્ય પ્રબંધક શ્રી અતુલ કુમાર ત્રિપાઠીએ માહિતી આપતાં જણાવ્યું કે આ પર્સ ઉપ સ્ટેશન અધિક્ષક વેરાવળ શ્રી રાજીવ મિશ્રાને સોંપવામાં આવ્યું હતું, જેમાં બે મોબાઈલ ફોન, અંદાજે રૂ. ૫,૦૦૦ રોકડ રકમ તેમજ અન્ય મહત્વના દસ્તાવેજો અને સામાન હાજર હતા. શ્રી મિશ્રાએ તત્કાળ કાર્યવાહી કરીને સંબંધિત મુસાફરનો સંપર્ક કર્યો, ઓળખની પુષ્ટિ કરી અને પર્સ સુરક્ષિત રીતે પરત આપ્યું. પર્સ મળ્યા બાદ મહિલા મુસાફરે ઉપ સ્ટેશન અધિક્ષક શ્રી રાજીવ મિશ્રાની સતર્કતા, ઈમાનદારી અને ઝડપી કામગીરીની હૃદયપૂર્વક પ્રશંસા કરી તથા રેલવે પ્રશાસન પ્રત્યે આભાર વ્યક્ત કર્યો. મંડળ રેલ પ્રબંધક શ્રી દિનેશ વર્માએ જણાવ્યું કે ભાવનગર રેલ મંડળ આવા કર્તવ્યનિષ્ઠ રેલકર્મીઓના કાર્યોની સરાહના કરે છે, જે મુસાફરોમાં રેલવે પ્રત્યેનો વિશ્વાસ વધુ મજબૂત બનાવે છે.

## ધ્રાંગધ્રાના કંકાવટી ગામે કરૂણ ઘટનાઃ પિતા સાથે ટ્રેક્ટરમાં બેઠેલા બાળકનું ટાયરમાં આવી જતા મોત

(સંપૂર્ણ સમાચાર સેવા)ધાંગધ્રા

હે કુદરત આ તારો કેવો ખેલ! એક હસતાં રમતાં બાળકનું તેના પિતાના હાથે અકસ્માતે મોત થયું છે! ઘટના છે ધ્રાંગધ્રા તાલુકાના કંકાવટી ગામની, જયાં ખેતમજુરી કરતાં પરિવાર અણધારી આફત આવી પડી છે. પિતા સાથે ટ્રેક્ટર બેઠલા પુત્રનું કમકમાટીભર્યું મોત નીપજ્યું છે.

આ ઘટનાને કરમની કઠણાઈ ન કહેવું તો શું કહેવું! મૂળ મધ્યપ્રદેશના વતની અને હાલ કંકાવટી ગામે ખેતમજૂરી માટે આવેલા વિદેશભાઈ માલ વાડીમાં ટ્રેક્ટરથી ખેતી કામ કરી રહ્યા હતા.

બાજુમાં આઠ વર્ષનો પુત્ર જગદીશ માલ બેઠો હતો. પણ કોઈ કારણસર પુત્ર ટ્રેક્ટરની નીચે પટકાયો હતો અને ટાયર ફરી વળતાં કચડાઈ ગયો હતો. પિતાએ આક્રંદ સાથે વાડીના માલિક અને ગામલોકોને જાણ કરી હતી. પણ ગંભીર ઈજાઓ થતાં દીકરાના ખોળિયામાંથી ઘટના સ્થળે જ જીવ જતો રહ્યો હતો.

# સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં અંધેરી નગરી ગંડુ રાજા જેવો ચાલતો વહિવટ?

## ડીડીઓ પ્રભારી મંત્રીના આદેશનુ પાલન કરતા નથી? સીડીએચઓ ડીડીઓનુ પાલન કરતા નથી?

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લા પંચાયતમાં અંધેરી નગરી ગંડુ રાજા જેવો વહિવટ ચાલી રહ્યો હોવાની બુમરોળ ઉઠવા પામી છે. જિલ્લા વિકાસ અધિકારી હર્ષદ વોરા પણ જાણે બદલીની રાહ જોઈ રહ્યા હોય તેમ વોરા જિલ્લા પંચાયતના વહિવટ સામે ઉદાસીનતા દાખવી રહ્યા હોય તેવુ પ્રજામાં ચર્ચાઈ રહ્યુ છે.



તો બીજી તરફ મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ દ્વારા અવાર -નવાર સરકારી અધિકારીઓને મંત્રીઓ અને ધારાસભ્યોના કામોનો ઝડપી નિકાલ કરવો જોઈએ તેવા સુચનોની વચ્ચે સાબરકાંઠા જિલ્લા પ્રભારી મંત્રીના આદેશનુ ડીડીઓ દ્વારા પાલન કરવામાં આવતુ ન હોવાની સીએમઓમાં ફરીયાદો કરવામાં આવી હોવાનુ ચર્ચાઈ રહ્યુ છે. ત્યારે આગામી સમયમાં જિલ્લાના પંચાયત વિભાગમાં હડકંપ થાય તેવી વાતો નકારી શકાતી નથી.

જિલ્લા વિકાસ અધિકારીની ઉદાસીનતાને કારણે આરોગ્ય વિભાગમાં આઉટ સોર્સિગની ભરતી છેલ્લા કેટલાય મહિનાઓથી ખોરંભે પડી છે. મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી સુતરીયા વિભાગ દ્વારા ભરતી રદ કરવામાં આવી હોવાનુ કહી રહ્યા છે. પરંતુ ખરેખર તેની વાસ્તવિકતા અને તેની હકીકત એ છે કે નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) દ્વારા ભરતી રદ કરવામાં કે વિલંબ કરવામાં કોઈ પત્ર સાબરકાંઠા જિલ્લાના આરોગ્ય વિભાગમાં કરેલ ન હોવાનુ નેશનલ હેલ્થ મિશન (એનએચએમ) ના વહિવટી અધિકારીનુ કહેવુ છે.

ત્યારે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારી આરોગ્ય વિભાગનુ ખોટુ નામ વટાવી ભરતીમાં વિલંબ કેમ કરી રહ્યા છે તે એક મોટી શંકા ઉપજાવે છે. ત્યારે જિલ્લા વિકાસ અધિકારી દ્વારા આળસ ખંખેરી પ્રજાના હિતના કામો ઝડપી થાય તે દિશામાં પહેલ કરવી જોઈએ તેવી આમ પ્રજાની માંગ ઉઠવા પામી છે.

# ખોડલધામ ટ્રસ્ટના કાર્યક્રમમાં મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ રહ્યા ઉપસ્થિત: ટ્રસ્ટ દ્વારા બનાવાતી હોસ્પીટલ દર્દીનારાયણ માટે આરોગ્ય સેવાનુ ધામ બનશે

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ આજે રવિવારે કાગવડ ખાતે ખોડલધામ ટ્રસ્ટ દ્વારા નવનિયુકત પ્રદેશ પ્રમુખ અને મંત્રીના સન્માન સમારોહમાં ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે આયોજીત કાર્યક્રમમાં બોલતા જણાવ્યુ હતુ કે વડાપ્રધાન દેવભકિત અને દેશભકિત બંનેના પ્રખર હીમાયતી રહીને જનસેવા કરી રહ્યા છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આપેલા સૌના સાથ, સૌના વિકાસ, સૌના વિશ્વાસ અને સૌના પ્રયાસ ના મંત્રના ઉલ્લેખ સાથે મુખ્યમંત્રીએ ઉમેર્યુ કે ધર્મ ત્યારે જ મહાન બને જયારે તે માનવ સેવા તરફ દોરી જાય, આ તકે મુખ્યમંત્રીએ ખોડલધામ ટ્રસ્ટ દ્વારા થતી સેવાકીય પ્રવૃત્તિઓને બિરદાવી હતી.



મુખ્યમંત્રીએ ઉમેર્યુ હતુ કે આજનો આ સન્માન સમારોહ એ વાતની સાબિતી છે કે સમાજ ભાવનાથી થતા દરેક કાર્યો રાજય સરકારને પ્રેરણા આપે છે. વડાપ્રધાનએ ધર્મ અને રાષ્ટ્રભાવ સાથે સ્વચ્છતાને પણ એટલુ જ મહત્વ આપ્યુ છે. આ સંસ્થાની પણ વિશેષતા છે કે અહીં ધર્મ અને ભકિત સાથે સમાજ સેવા અને રાષ્ટ્રભકિતને પણ સમાન મહત્વ અપાયુ છે. મંદિરના પરીસરમાં સ્વચ્છતા, શિસ્ત અને પ્રાકૃતિક સુંદરતા એ દર્શાવે છે કે જયારે ધર્મ અને રાષ્ટ્ર ભાવના સાથે ચાલે ત્યારે સમાજ વધુ શકિતશાળી અને સંવેદનશીલ બને છે. દર વરસે હજારો શ્રધ્ધાળુઓ અહીં દર્શને આવીને સમાજ અને રાષ્ટ્ર માટે સેવા આપે છે. તે રાજયની વિકાસ યાત્રાનો આધાર બની રહ્યા છે. શિક્ષણ અને કૃષિને રાષ્ટ્ર નિર્માણના મજબુત સ્તંભ ગણાવતા તેમણે જણાવ્યુ કે ખોડલધામ મંદિરે પાટીદાર જ નહી સમગ્ર ગુજરાતના માઈભકતોની આધ્યાત્મિક ચેતનાને નવી ઉર્જા આપી છે. શિક્ષણ અને કૃષિ ક્ષેત્રમાં યોગદાન આપીને ખોડલધામ રાજયના વિકાસની તકો ઉભી કરવામાં સહાયરૂપ થયુ છે. સરકાર પણ યુવા સામર્થ્ય, કૌશલ્ય, વિકાસ અને ખેતીના આધુનિકીકરણ માટે સતત કાર્યરત છે. મુખ્યમંત્રીએ વધુમાં કહ્યુ કે તાજેતરમાં યોજાયેલી ચિંતન શિબિરમાં આ તમામ વિષયો કેન્દ્રમાં રાખીને રાજયના ભાવિ વિકાસનો રોડમેપ સંગીન કરવાનો નિર્ધાર કર્યો છે.

ખોડલધામના પ્રણેતા નરેશભાઈ અને ટીમ આરોગ્યધામના પણ પ્રેરક બન્યા છે તે ખુશીની વાત છે તેવુ જણાવતા મુખ્યમંત્રીએ કહ્યુ કે આ ટ્રસ્ટ દ્વારા વિકસાવવામાં આવી રહેલી કેન્સર હોસ્પીટલ અને રીસર્ચ સેન્ટર માત્ર સારવારનુ કેન્દ્ર નહી પરંતુ દર્દી નારાયણ માટે આરોગ્ય સેવાનુ ધામ બનશે.

# સાબરકાંઠા જિલ્લાના વડાલીમાં પ્રેમ લગ્નના મામલે રાજપૂત-સગર સમાજ વચ્ચે માથાકુટ: યુવકના ઘરે તોડફોડ: ૧૦ વિરૂધ્ધ ગુન્હો નોંધાયો

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના વડાલી માં સગર વિસ્તારમાં પ્રેમ લગ્નના મામલે રાજપુત અને સગર સમાજ ના બે જુથો વચ્ચે ગંભીર અથડામણ અને પથ્થરમારાનો બનાવ બનવા પામ્યો હતો.

આ અથડામણમાં ૭ થી ૯ લોકો ગંભીર રીતે ઘાયલ થતા તાત્કાલીક તેઓને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા.

મળતી માહિતી અનુસાર વડાલી ના સગર વિસ્તારમાં રાજપુત સમાજની દિકરી અને સગર સમાજના દિકરાના પ્રેમ લગ્નને લઈ બે જુથો આમને સામને આવી ગયા હતા. બંને જુથો વચ્ચે ઉગ્ર ધીગાંણુ થયુ હતુ અને સામસામે પથ્થરમારો પણ થયો હતો. આ જુથ અથડામણ દરમિયાન સગર સમાજના યુવકના ઘરની નજીક પડેલા વાહનોમાં તોડફોડ કરવામાં આવી હતી. તેમજ મકાનના કાચ તોડી નાખવામાં આવ્યા હતા. આ ઘટનામાં ૭ થી ૯ જેટલા લોકો ઘાયલ થયા હતા. જેમને સારવાર માટે હોસ્પીટલે ખસેડવામાં આવ્યા હતા. આ ઘટનાની જાણ થતા જ પોલીસ કાફસો તાત્કાલીક ઘટનાસ્થળે દોડી આવ્યો હતો. પોલીસે સમયસર દરમિયાનગીરી કરીને પરીસ્થિતિને કાબુમાં લીધી હતી. હાલમાં વડાલીમાં બંને જુથો વચ્ચે કોઈ અનિચ્છિનિય ઘટના ન બને તે માટે પોલીસ નો ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દેવામાં આવ્યો છે. સમગ્ર સગરવાસ વિસ્તારમાં હાલ તંગદીલીભર્યુ વાતાવરણ સર્જાયુ છે અને આવનારા સમયમાં ફરી હંગામો સર્જાઈ શકે તેવી શકયતાના પગલે સગર સમાજ વિસ્તારને પોલીસ છાવણીમાં ફેરવી દેવામાં આવ્યુ છે.



# મંત્રી પી સી બરંડાને કેબિનેટમાં હાજર રાખવામાં ન આવતા અનેક તર્ક વિતર્ક : મંત્રી બરંડા સતત બે વખત કેબિનેટમાં રહ્યા ગેરહાજર

પ્રતિનિધિ,ગાંધીનગર

સરકારમાં મંત્રીઓની છબી ખરડાય ત્યારે કેબિનેટની બેઠકમાં હાજર રાખવામાં આવતા નથી અથવા તો મંત્રીઓ સામે થી કેબિનેટની બેઠકમાં હાજર ન રહેતા ચર્ચાનો દોર શરૂ થઈ જાય છે. દાદાની અગાઉની ૧૬ મંત્રીઓની સરકારમાં પૂર્વ મંત્રી બચુ ખાબડનુ કરોડો રૂપીયાનુ પુત્રનુ કૌભાંડ બહાર આવતા મંત્રીને સામેથી કેબિનેટમાં હાજર રાખવામાં આવતા ન હતા, અથવા તો પોતે મીડીયાથી બચવા મંત્રી બચુ ખાબડ સતત મંત્રી મંડળની કેબિનેટની બેઠકમાં હાજર રહેતા ન હતા. ત્યારબાદ પૂર્વ મંત્રી ભીખુસિંહ પરમાર ના ભાષણો સરકારની છબી ખરડાવતા હોવાને લઈ પૂર્વ મંત્રી ભીખુસિંહ પરમાર કેબિનેટ બેઠકમાં હાજર રહેતા ન હતા, તો કેટલીક વાર મંત્રીને કંઈકને કંઈક બહાને કેબિનેટ બેઠકમાં હાજર ન રાખી સરકારી કાર્યક્રમોમાં મોકલી દેવામાં આવતા હતા. ત્યારે ફરીવાર નવનિયુકત અન્ન નાગરીક પુરવઠા રાજય મંત્રી પી સી બરંડાના દારૂના દુષણના ભાષણો નડી રહ્યા હોય તેમ મંત્રી પી સી બરંડા સતત બે વખત કેબિનેટની બેઠકમાં જોવા ન મળતા અનેક સવાલો ઉઠી રહ્યા છે. એક તરફ વડગામના ધારાસભ્ય જિગ્નેશ મેવાણી દારૂ ડ્રગ્સના મુદ્દે નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી પર સતત પ્રહારો કરી રહ્યા છે. ત્યારે મંત્રી પી સી બરંડાના દારૂના દુષણના ભાષણો કયાંક મંત્રીનો ભોગ લે તો નવાઈ નહી.



# ગુજરાતમાં આગામી સમયમાં ડ્રાઈવ યોજાઈ શકે છે : નંબર પ્લેટ વિનાના વાહનો અને બ્લેક કાચ પર હવે બોલાવાશે તવાઈ

પ્રતિનિધિ,ગાંધીનગર

ગુજરાતમાં ટ્રાફીક નિયમોનુ કડક પાલન થાય તે હેતુથી ગુજરાત રોડ સેફટી ઓથોરીટીએ રાજયના પોલીસવડા ને એક મહત્વપૂર્ણ પત્ર લખીને તાત્કાલીક અસરથી વિશેષ ડ્રાઈવ ચલાવવાની સુચના આપી છે. આ પત્રમાં મુખ્યત્વે નંબર પ્લેટ વગરના વાહનો, બ્લેક ફીલ્મ (કાચ) ધરાવતા વાહનો અને નંબર પ્લેટ પર નિયમો વિરૂધ્ધ લખાણ કરાવેલા વાહનો સામે કડક કાર્યવાહી કરવા પર ભાર મુકવામાં આવ્યો છે. રોડ સેફટી ઓથોરીટીએ પત્રમાં જણાવ્યુ છે કે આ પ્રકારના વાહનો દ્વારા ટ્રાફીકના નિયમોનુ મોટાપાયે ઉલ્લંઘન કરવામાં આવે છે. જેના કારણે અકસ્માતો અને ગુન્હાહીત પ્રવૃત્તિઓનુ જોખમ વધે છે. ડીજીપીને મળેલી આ સુચના બાદ હવે આગામી સમયમાં સમગ્ર રાજયભરમાં પોલીસ દ્વારા ટુંક સમયમાં જ આ પ્રકારના નિયમ ભંગ કરતા વાહનોને પકડીને દંડ ફટકારવા માટે એક સઘન ઝુંબેશ (ડ્રાઈવ) શરૂ કરવામાં આવશે.



# નર્મદા જિલ્લામાં થયેલા બે મોટા કાર્યક્રમોમાં ૫૦ લાખ અને ૭૫ લાખનો તોડ કરવા આપ ના મોટા નેતા ગયા હતા: સાંસદ મનસુખ વસાવા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

નર્મદા જિલ્લાના આમ આદમી પાર્ટીના પ્રમુખ નિરંજન વસાવાના ભાઈ દારૂના કેસમાં ઝડપાયાના સમાચાર બાદ નર્મદા ભાજપ પ્રમુખે પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. નિરંજન વસાવા અને આમ આદમી પાર્ટી સામે આકરા પ્રહારો કર્યા બાદ હવે આજે રવિવારે કમલમ નર્મદા ખાતે સાંસદ મનસુખ વસાવાએ પ્રેસ કોન્ફરન્સ યોજી હતી. સાંસદ મનસુખ વસાવાએ નામ લીધા વગર ચૈતર વસાવા પર ગંભીર મોટા આક્ષેપ કરતા ખળભળાટ મચી જવા પામ્યો હતો.



આક્ષેપ સાથે ભાજપ, આમ આદમી પાર્ટી અને કોંગ્રેસના નેતાઓ પર સાંસદ રીતસરના વરસ્યા હતા. સાંસદે જણાવ્યુ હતુ કે આમ આદમી પાર્ટીના નેતાઓ હંમેશા કાર્યક્રમમાં થતા ખર્ચ વિશે માહિતી મેળવી ખોટો હોબાળો કરી અધિકારીઓને તતડાવે છે, આમ આદમી પાર્ટીના નેતાઓ મોટા તોડ કરવાનુ કામ કરે છે, સાંસદ મનસુખ વસાવાએ ચોંકાવનારી માહિતી આપતા જણાવ્યુ હતુ કે જિલ્લામાં થયેલા બે મોટા રાષ્ટ્રીય કાર્યક્રમમાં ૫૦ લાખ અને ૭૫ લાખનો તોડ કરવા આમ આદમી પાર્ટીના મોટા નેતા ગયા હતા. મનસુખ વસાવાના ગંભીર આક્ષેપથી ભરૂચ-નર્મદા નુ રાજકારણ ગરમાયુ છે. આમ આદમી પાર્ટીના નેતા ટીમો બનાવી અધિકારીઓને તતડાવી મોટા પાયે ભ્રષ્ટાચાર કરી તોડપાણી કરે છે એવો આક્ષેપ પણ કર્યો હતો. સાંસદ મનસુખ વસાવાએ વધુ એક ગંભીર આક્ષેપ કરતા જણાવ્યુ હતુ કે ભાજપના અને આમ આદમી પાર્ટીના કેટલાક નેતાઓ મળેલા છે. ભાજપ અને આમ આદમી પાર્ટીના નેતાઓ ભેગા મળી તોડપાણી કરે છે તેવુ જણાવી ભાજપ અને આમ આદમી પાર્ટી બંનેને ચોંકાવી દીધા હતા.

આ બાબતે મનસુખ વસાવાએ પ્રેસ કોન્ફરન્સ યોજી આ બાબતે પ્રદેશ કક્ષાએ અને રાષ્ટ્રીય કક્ષાએ ફરીયાદ કરવાનુ જણાવ્યુ હતું. સાંસદે વધુમાં જણાવ્યુ કે આ બાબતે ભાજપના, અને આમ આદમી પાર્ટીના કે અન્ય મારી સાથે ફરનારા પણ જે કોઈ હસે તો તેમને છોડવામાં નહી આવે, નર્મદા જિલ્લામાં આમ આદમી પાર્ટી, ભાજપ અને કોંગ્રેસ મીલીભગતથી ભ્રષ્ટાચાર થઈ રહ્યો હોવાની ચોંકાવનારી વિગતો મીડીયા સમક્ષ રજુ કરી હતી. એમની પ્રવૃત્તિઓમાં પર્દાફાશ કરતા જણાવ્યુ હતુ કે આમ આદમી પાર્ટીના નેતાઓ અને એમની ટીમ સરકારની મીટીંગોમાં કરેલા કામોની તપાસ માંગે છે, એજન્સીઓ, કોન્ટ્રાકટરોના નંબરો માંગી એમની પાસેથી લાખોની તડજોડ કરતા હોવાની હકીકત જણાવી હતી. વધુમાં તેમણે કહ્યુ હતુ કે આ પ્રવૃત્તિ બંધ થવી જોઈએ.

# તમે તૈયારી રાખજો ૨૦૩૬ ઓલિમ્પિકસ અમદાવાદમાં જ રમાશે: કેન્દ્રીય ગૃહમંત્રી

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકાર મંત્રી અમિત શાહે પોતાના ગુજરાત પ્રવાસ દરમિયાન અમદાવાદીઓ માટે એક અત્યંત ગૌરવપૂર્ણ અને મોટી જાહેરાત કરી હતી. ગોતામાં આયોજીત એક કાર્યક્રમમાં તેમણે સ્પષ્ટ સંકેત આપતા કહ્યુ હતુ કે તમે તૈયારી રાખજો, ૨૦૩૬ ઓલિમ્પિકસ અમદાવાદમાં જ રમાશે, આ સાથે જ તેમણે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલની ઉપસ્થિતિમાં કોર્પોરેશનના કુલ રૂપીયા ૧૫૦૭ કરોડના વિવિધ પ્રજાલક્ષી વિકાસ પ્રકલ્પોનુ લોકાર્પણ અને ખાતમુહુર્ત કર્યુ હતું. વિકાસની વાત સાથે શાહે રાજકીય મંચ પરથી રાહુલ ગાંધી અને વિપક્ષી સંગઠન પર આકરા પ્રહારો કરતા કહ્યુ હતુ કે હાર બાદ તેઓ હવે ઈવીએમ અને મતદાર યાદીનો વાંક કાઢી રહ્યા છે.



અમિત શાહે અમદાવાદને વિશ્વના રમત ગમતના નકશા પર અગ્રેસર ગણાવતા એક મોટુ વિઝન રજુ કર્યુ હતુ, તેમણે નાગરીકોને ખાત્રી આપી હતી કે કોમનવેલ્થ અને ઓલિમ્પિકસ જેવી મેગા ઈવેન્ટ માટે જે સુવિધાઓ ઉભી કરવામાં આવી રહી છે તે કયારેય નકામી જશે નહી, અમદાવાદ ભવિષ્યમાં દરેક પ્રકારના ખેલ અને ટ્રેનીંગનુ એક ઉત્કૃષ્ટ કેન્દ્ર બનવા જઈ રહ્યુ છે. આજ દિશામાં આગળ વધતા તેમણે ગોતા ખાતે રૂપીયા ૪૩ કરોડના ખર્ચે આકાર પામનારા અત્યાધુનિક મીની સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષનુ ખાતમુહુર્ત કર્યુ હતું. આ મુલાકાત દરમિયાન અમિત શાહ અને મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે અમદાવાદ મ્યુનિસીપલ કોર્પોરેશન હસ્તકના કુલ રૂપીયા ૧૫૦૭ કરોડના વિવિધ વિકાસ કાર્યોની ભેટ જનતાને આપી હતી. આ પ્રસંગે શહેરના મેયર, ડે.મેયર, સ્ટેન્ડીંગ કમિટી ચેરમેન અને સત્તાધારી પક્ષના નેતા સહિતના પદાધિકારીઓએ ગૃહમંત્રીનુ ભવ્ય સ્વાગત કર્યુ હતું.

જનસભાને સંબોધતા અમિત શાહે કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીને આડે હાથ લીધા હતા. તેમણે કટાક્ષ કરતા કહ્યુ હતુ કે રાહુલ બાબાને હજુ સુધી ખબર નથી કે દેશની જનતાએ કોંગ્રેસ અને તેના સાથી પક્ષોને સ્વીકાર્યા નથી, જયારે પણ હાર મળે છે ત્યારે તેઓ કયારેક ઈવીએમ તો કયારેક મતદાર યાદીનો વાંક કાઢવા લાગે છે, બિહારના ચુંટણી પરીણામોનો ઉલ્લેખ કરતા શાહે પશ્ચિમ બંગાળના મુખ્યમંત્રી મમતા બેનરજી અને તમિલનાડુના મુખ્યમંત્રી એમ કે સ્ટાલીન ને ખુલ્લો પડકાર ફેંકયો હતો. તેમણે કહ્યુ હતુ કે મમતા દીદી અને સ્ટાલીન તૈયારી રાખજો, બિહારમાં વિપક્ષોની હાલત જોઈ લીધી છે, હવે બંગાળ અને તામિલનાડુમાં પણ ભાજપ અને એનડીએ નો વારો છે. ત્યાં પણ વિપક્ષોની ખો નિકળી જવાની છે.

# સુરતના લાલ ગેટમાં અફીણ-ગાંજાની ફેકટરી ઝડપાઈ: મોડી રાત્રે અમદાવાદની નાર્કોટીકસ ટીમના દરોડા

પ્રતિનિધિ,ગાંધીનગર
તસવીર યુનુસ મેમણ

સુરત શહેરના લાલ ગેટ વિસ્તારમાં મોડી રાત્રે અમદાવાદ નાર્કોટીકસ ટીમે દરોડા પાડીને ગેરકાયદેસર અફીણ અને ગાંજાના ઉત્પાદનને એક ફેકટરી ઝડપી પાડી છે. નાર્કોટીકસ ટીમે મળેલી બાતમીના આધારે લાલ ગેટ વિસ્તારમાં આવેલી યુસુફ બિલ્ડીંગના પાંચમા માળે છાપો માર્યો હતો. દરોડા દરમિયાન પોલીસે ફેકટરીમાંથી મોટી માત્રામાં અફીણ અને ગાંજાનો જથ્થો તેમજ તેના ઉત્પાદનમાં ઉપયોગમાં લેવાતો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ રેડ દરમિયાન નાર્કોટીકસ ટીમે ફેકટરી ચલાવતા એક આરોપીને પણ ઝડપી લીધો હતો. પોલીસે જપ્ત કરેલા મુદ્દામાલ અને આરોપીની પુછપરછના આધારે આ ડ્રગ્સ કયાંથી આવતુ હતુ અને કયાં સપ્લાય થતુ હતું તેની ઉંડાણપૂર્વક તપાસ શરૂ કરી છે. સુરતના રહેણાંક વિસ્તારમાં આ પ્રકારે ડ્રગ્સની ફેકટરી ઝડપાતા ચકચાર મચી જવા પામી છે. તો બીજી તરફ કોંગ્રેસે નાયબ મુખ્યમંત્રીના શહેર સુરતમાં ગાંજા અને અફીણ ની ફેકટરી ઝડપાતા કાયદો અને વ્યવસ્થાને લઈ સવાલો ઉભા કર્યા છે.



# ગાડી રોકતા કાર ચાલકે TRB જવાનને અડફેટે લઈને ૧૦ મીટર ઢસડ્યો

(સંપૂર્ણ સમાચાર સેવા)જામનગર

જામનગરના ખોડીયાર કોલોની વિસ્તારમાં ફરજ બજાવી રહેલા ટ્રાફિક બ્રિગેડ (TRB)ના એક જવાનને કાર ચાલકે ફરજમાં રૂકાવટ કરી કાર સાથે ૧૦ મીટર સુધી ઢસડ્યો હોવાનો ગંભીર બનાવ સામે આવ્યો છે. આ ઘટનામાં TRB જવાનને ગંભીર ઈજા પહોંચતા તેને હોસ્પિટલમાં સારવાર લેવી પડી હતી, જ્યાં હોઠ પર પાંચ ટાંકા પણ લેવા પડ્યા છે.

મળતી માહિતી મુજબ, ૨૨ વર્ષીય જીલ બગડા ટ્રાફિક શાખામાં ફરજ બજાવે છે. શુક્રવારે (૫ ડિસેમ્બર) બપોરના દોઢેક વાગ્યે તેઓ ખોડીયાર કોલોની વિસ્તારમાં ટ્રાફિકની ફરજ બજાવતા હતા. આ દરમિયાન GJ-3 NB 9080 નંબરની કાર ચાલકે ટ્રાફિકને અડચણરૂપ બને તે રીતે રસ્તામાં કાર પાર્ક કરી હતી. ત્યારે જીલ બગડાએ કાર ચાલકને કાર સાઈડમાં લેવાનું કહ્યું અને ટ્રાફિક અધિકારી બોલાવે છે તેવું જણાવ્યું.

TRB જવાનની વાત સાંભળીને પહેલાં તો કાર ચાલક માવો ખાવા માટે નીચે ઉતર્યો હતો. પરંતુ, બાદમાં તે અચાનક કાર ચાલુ કરીને ત્યાંથી ભાગવાનો પ્રયાસ કરવા લાગ્યા. જેથી ટીઆરબી જવાન જીલ બગડાએ તેને રોકવાનો પ્રયત્ન કર્યો તો કાર ચાલકે તેને અડફેટે લઈ લીધો અને ૧૦ મીટર સુધી ઢસડ્યો. આ ઘટનામાં ટીઆરબી જવાન ગંભીર રીતે ઈજાગ્રસ્ત થયો હતો અને તેને માથા, હાથ-પગ અને હોઠના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. સમગ્ર ઘટના બાદ ટીઆરબી જવાનને તાત્કાલિક ધોરણે એમ્બ્યુલન્સ મારફતે જામનગરની જી.જી હોસ્પિટલમાં સારવાર માટે ખસેડવામાં આવ્યો હતો. જ્યાં તેના હોઠ પર પાંચ ટાંકા લેવાની ફરજ પડી હતી. ઈજાગ્રસ્ત ટીઆરબી જવાન જીલ બગડાએ આ બનાવ અંગે સીટી સી. ડિવિઝન પોલીસ મથકમાં GJ-3 NB 9080 નંબરની કારના ચાલક નિર્મળસિંહ જાડેજા સામે ફરિયાદ નોંધાવી છે.

# આજથી હિંમતનગર-ઈડર હાઈવે: મહેતાપુરા રેલ્વે ફાટક નં.૮૬ એ સમારકામ માટે બે દિવસ માટે માર્ગ બંધ રહેશે: વાહન વ્યવહાર માટે ડાયવર્ઝન અપાયુ

પ્રતિનિધિ,ગાંધીનગર

સાબરકાંઠા જિલ્લાના હિંમતનગર-ઈડર હાઈવે પર આવેલ રેલ્વે ક્રોસિંગ નંબર ૮૬ / એ મહેતાપુરા ફાટક પર નવીનીકરણ અને સમારકામના કારણે આજે તારીખ ૮/૧૨/૨૦૨૫ ના સવારે ૯ કલાક થી તારીખ ૯/૧૨/૨૦૨૫ ના રોજ રાત્રે ૯ કલાક સુધી એટલે કે બે દિવસ માટે તમામ પ્રકારના વાહનો અને રાહદારીઓની અવર-જવર માટે બંધ રાખવાનો નિર્ણય લેવામાં આવ્યો છે.

કલેકટર અને જિલ્લા મેજીસ્ટ્રેટ સાબરકાંઠાએ આ અંગેનુ જાહેરનામુ પ્રસિધ્ધ કરતા જણાવ્યુ હતુ કે આ પ્રતિબંધિત સમયગાળા દરમિયાન માર્ગ વપરાશકર્તાઓને વૈકલ્પિક માર્ગ (ડાયવર્ઝન રૂટ) નો ઉપયોગ કરવા વિનંતી કરવામાં આવી છે.

વૈકલ્પિક વ્યવસ્થા અંતર્ગત હવે હિંમતનગર થી ઈડર/ખેડબ્રહ્મા તરફ જતા વાહનોએ એનજી સર્કલ થી હિંમતનગર આરટીઓ સર્કલ થઈ હિંમતનગર બાયપાસ રોડનો ઉપયોગ કરવાનો રહેશે. તે જ પ્રમાણે ઈડર / ખેડબ્રહ્માથી આવતા વાહનો વિરપુર હિંમતનગર બાયપાસ રોડ થઈ આરટીઓ સર્કલ હિંમતનગર પહોચીને ત્યાંથી સીધા બાયપાસ રોડેથી મોતીપુરા સર્કલ થઈ જઈ શકશે, અથવા હિંમતનગર આરટીઓ સર્કલથી હિંમતનગર એનજી સર્કલ તરફ ડાયવર્ઝન કરી શહેરમાં પ્રવેશ કરી શકશે.